
₹ ૧૫/-

પશુનું સૌન્દર્ય
પ્રાણીઓ વિશે શ્રી માતાજી



# પ્રભુ અર્પણ

સપ્ટેમ્બર - ૨૦૨૧

(શ્રી અરવિન્દ અને શ્રી માતાજીની શબ્દસુધા)

# Matter shall reveal the Spirit's face

*Sri Aurobindo*

✲

બાળકમાં રહેલી આ નાનકડી સત્ય વસ્તુ તે ચૈત્ય પુરુષમાં રહેતી પ્રભુની દિવ્ય હાજરી છે – એ હાજરી વનસ્પતિમાં અને પ્રાણીઓમાં પણ રહેલી છે. વનસ્પતિમાં એ હાજરી સભાન હોતી નથી, પ્રાણીમાં તે સભાન બનવાની શરૂઆત કરે છે. અને બાળકમાં તે બહુ જ સભાન હોય છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૪ : ૩૧)

પ્રેમ કેવળ મનુષ્યોમાં જ પ્રગટ થાય છે એવું નથી. એ તો સર્વત્ર રહેલો છે. વનસ્પતિમાં એની ક્રિયા વિદ્યમાન છે, એ કદાચ પથ્થરમાં પણ હશે. પશુઓમાં તો એની હાજરી સહેલાઈથી જણાઈ આવે છે. આ મહાન શક્તિમાં જે કંઈ વિકાર પ્રવેશે છે તેનું કારણ તેના માનુષી કરણની મર્યાદામાં, એ કરણમાં રહેલાં તમસ, અજ્ઞાન અને અહંતામાં રહેલું હોય છે.

શ્રી માતાજી

(શ્રી માતૃવાણી ગ્રંથ ૩ : ૭૬)

# પ્રભુ અર્પણ

(આધ્યાત્મિક વિકાસ, એ જ આપણા પૃથ્વી પરના જીવનનો ખરો હેતુ છે.)

## શ્રી અરવિન્દ સોસાયટી, વડોદરા.

સપ્ટેમ્બર - ૨૦૨૧ વર્ષ : ૦૭ અંક : ૦૯

# અનુક્રમ

## પશુનું સૌન્દર્ય
## પ્રાણીઓ વિશે શ્રી માતાજી


| | |
|---|---|
| પ્રાણીસૃષ્ટિ | ૦૬ |
| માનવ અને પ્રાણીઓ | ૧૩ |
| પ્રાણીઓ સાથેનો વ્યવહાર | ૨૦ |
| શ્રી માતાજી અને પ્રાણીઓ | ૨૨ |
| આશ્રમ પ્રાણીઓની વાર્તાઓ | ૨૯ |

*

| | |
|---|---|
| વૃત્ત વિશેષ | ૩૩ |


**તંત્રીનોંધ :** માનવ પ્રજાતિઓનું જીવન પરત્વેનું દૃષ્ટિબિંદુ એકદમ માનવ-કેન્દ્રિત હોય છે. આપણે એવું માનીએ છીએ કે આપણે ઉચ્ચોચ્ચ અને શ્રેષ્ઠ પ્રજાતિઓ છીએ અને પૃથ્વીના સંસાધનો ઉપર આપણો લગભગ એકમાત્ર અધિકાર છે. આપણે માનીએ છીએ કે પૃથ્વી પરની બાકીની બધી વસ્તુઓ અને બાકીના સર્વ જીવો તે આપણી સેવા અને માત્ર આપણી ખુશી માટે છે. આપણે માનવો એવી માન્યતા ધરાવીએ છીએ કે આપણે જ વિશ્વનું કેન્દ્ર છીએ અને પ્રભુએ માત્ર આપણી ઇચ્છાઓ અને કામનાઓને જ પોષવી જોઈએ, એનું જ લાલનપાલન કરવું જોઈએ. આ અજ્ઞાન અને ઘમંડ પૃથ્વીના સંસાધનોની લૂંટમાં પરિણમ્યાં છે. માનવસર્જિત અસમતુલામાં તેમ જ કુરૂપતામાં પરિણમ્યાં છે, જેને પ્રકૃતિ સમયે સમયે અંતિમ પગલાંઓ ભરી સમતોલ કરે છે, સુધારે છે. કદાચ એ સમયે હવે આવી ગયો છે કે આપણે એ સમજી લઈએ, સ્વીકારી લઈ શકીએ કે પ્રાણીઓ, વૃક્ષો અને છોડવાઓને અસ્તિત્વનો અધિકાર છે અને એ બધાંને આપણે જીવો ગણીને એમની સાથે વ્યવહાર કરીએ, જેમને ઈશ્વર વધારે નહિ તો મનુષ્યોને તેઓ જેટલો પ્રેમ કરે છે એટલો જ પ્રેમ કરે છે.

આ અંકમાં અમે પ્રાણીજીવન વિશેની સાચી સમજ કેળવાય એવી તેમ જ દિવ્ય માતાજી પ્રાણીઓ પરત્વે કેવો પ્રેમ રાખતાં હતાં તે દર્શાવતી પ્રેરણાદાયી વાર્તાઓ પ્રસિદ્ધ કરવાનો ઉપક્રમ અપનાવ્યો છે.



મહાલક્ષ્મી – બધાં દેહધારી પ્રાણીઓને પ્રેમ કરનારી પ્રેમી

**મધુર માતાજી, આ વાકય હું સમજી શકતો નથીઃ ''મહાલક્ષ્મીની શક્તિ આ છે. દેહધારી પ્રાણીઓનાં હૃદય જેટલાં મા ભગવતીના આ સ્વરૂપ પ્રત્યે આકર્ષાય છે તેટલાં બીજા કોઈ સ્વરૂપ પ્રત્યે આકર્ષાતાં નથી.''**

**શ્રી માતાજી :** દેહધારી પ્રાણીઓ એટલે માનવો. 'પૃથ્વી પરનાં માનવસ્વરૂપો' એમ કહેવાની એ બીજી રીત છે. અન્ય દેહધારી પ્રાણીઓ... પશુઓ પણ છે. મહાલક્ષ્મી પ્રાણીઓ પ્રતિ પણ ખૂબ ખૂબ પ્રેમાળ છે અને પ્રાણીઓ પણ શ્રી માતાજીને ખૂબ જ પ્રેમ કરે છે. એકદમ ક્રૂર પ્રાણીઓ મહાલક્ષ્મી સમક્ષ એકદમ સૌમ્ય બની જતાં હોય છે. અને એટલા માટે જ 'માનવસ્વરૂપો' શબ્દને બદલે શ્રી અરવિન્દે 'દેહધારી પ્રાણીઓ' શબ્દ અહીં પ્રયોજ્યો છે. પૃથ્વી પરનાં 'દેહધારી પ્રાણીઓ.'

શ્રી માતાજી

(CWSA : 6 : 282)

# પ્રાણી સૃષ્ટિ

**ચૈત્ય તત્ત્વ**

**શ્રી અરવિન્દ :** માણસનું અજ્ઞાન એને એમ માનવા પ્રેરે છે કે પોતે સૃષ્ટિમાંનું મહાનમાં મહાન સ્વરૂપ છે. ઘણાં કૂતરાંઓનો ચૈત્ય પુરુષ ઘણા માનવો કરતાં વધુ સુંદર હોય છે! હું તમને એમ જણાવું કે પ્રાણીઓના પ્રેમાલાપમાં ચૈત્ય તત્ત્વ હોય છે તો તમે એ માનશો? આપણી બિલાડીનું ઉદાહરણ લો. મોટો બિલાડો. એ બચકું ભરીને પ્રેમાલાપ કરતો હોય છે ત્યારે એ સ્થૂળ પ્રેમ હોય છે, એ બાળ બિલાડી સાથે પ્રેમાલાપ કરતો હોય છે ત્યારે એ પ્રાણમય પ્રેમ હોય છે. એ જ્યારે મિમીને પ્રેમ કરતો હોય છે ત્યારે એ લાગણીશીલ અને ભાવનામય હોય છે. અને એ જ્યારે ગર્લીને પ્રેમ કરે છે ત્યારે એમાં ચૈત્ય તત્ત્વ હોય છે.

શિષ્યઃ તો પછી માનવ સૃષ્ટિમાંનું ઉચ્ચોચ્ચ સ્વરૂપ કેવી રીતે ગણાય છે?

**શ્રી અરવિન્દ :** માનવનું અહંકારી અજ્ઞાન એને આમ વિચાર કરવા પ્રેરે છે, કે સૃષ્ટિમાં એનું સ્થાન ઉચ્ચોચ્ચ છે. માનવ ઉચ્ચ એટલા માટે છે કે એની અંદર દિવ્ય જીવનને ઉત્ક્રાંત કરવાની શક્યતા રહેલી હોય છે. તમે એમ પણ કહી શકો કે માનવ ઉચ્ચ છે કારણ કે એણે મનનો વિકાસ સિદ્ધ કર્યો છે અને મન તેને સભાન ઉત્ક્રાંતિની તક પૂરી પાડે છે. પણ એનો અર્થ એમ નથી થતો કે માનવ મનોમય સ્વરૂપ હોવાથી એણે પોતાના મનનો ઉપયોગ પોતાની ઉત્ક્રાંતિ માટે કર્યો હોય. પણ કારણ એની પાસે મન છે, બરાબર એને લીધે જ શેતાન બનવાની અનંત ક્ષમતા પણ એની અંદર રહેલી હોય છે.

**શિષ્ય :** અનંત શક્યતા? બંને રીતની – દિવ્ય બનવાની અને શેતાન બનવાની?

**શ્રી અરવિન્દ :** માનવનું અહંકારી અજ્ઞાન એને આમ વિચાર કરવા પ્રેરે છે કે સૃષ્ટિમાં એનું સ્થાન ઉચ્ચોચ્ચ છે.

**શિષ્ય :** પણ માનવના શરીર તથા પ્રાણીના શરીરમાં બહુ મોટો તફાવત રહેલો છે.

**શ્રી અરવિન્દ :** બસ એટલું જ; અને એ તફાવત પણ એટલો બધો નથી, જેટલો તમે બતાવવાનો પ્રયત્ન કરો છો. છેવટે, માનવના તેમ જ પ્રાણીના શરીરમાં તફાવત છે શું? તમે કાળજીપૂર્વક નિરીક્ષણ કરો તો તમે એ જોઈ શકશો કે તમે પૂંછડી કાઢી નાખી છે. ચાર પગ પર ચાલવાને બદલે તમે ચાલવા માટે બે પગનો ઉપયોગ કરો છો અને બાકીના બે પગને તમે હાથમાં ફેરવી નાખ્યા છે. મગજમાં સહેજ પણ મહત્ત્વના ફેરફાર થયા છે અને થોડી વિગતો અહીં કે તહીં. તમે શિંગડાં અને રૂંવાટીનો ત્યાગ કરી દીધો છે.

**શિષ્ય :** બધા માનવોએ નહિ. Kના શરીર ઉપર હજુ પણ ઘણી બધી રૂંવાટી છે. (હાસ્ય)

**શ્રી અરવિન્દ :** તમે જુઓ, શરીર બાબતે એટલો મોટો ફેરફાર નથી થયો, જે માનવ અને પ્રાણી વચ્ચે ખાઈ ઉત્પન્ન કરી શકે.

(A.B. Purani, Evening Taks with Sri Aurobindo, Second Series, Psychology, Page 238-239)

**પશુસંચાર :**

**શ્રી અરવિન્દ :** લોકો કહે છે પ્રાણીઓ વિચાર કે તર્ક કરી શકે નહિ. એ એકદમ ખોટું છે. એમની બુદ્ધિ ઉત્ક્રાંત થઈ હોય છે જીવનની સાંકડી સીમાઓમાં, એમની પોતાની જરૂરિયાતો અનુસાર કાર્ય કરવા. પ્રાણીઓમાં સુપ્ત કાર્યનિપુણતા રહેલી હોય છે, જે હજુ પૂરેપૂરી વિકાસ પામી હોતી નથી.

બિલાડીઓ પાસે એમની પોતાની ભાષા હોય છે. એ જુદા જુદા હેતુઓ અર્થે જુદા જુદા પ્રકારના મીયાઉંનું ઉચ્ચારણ કરતી હોય છે. પોતાનાં બચ્ચાંઓને કોઈ બોક્ષ પાછળ મૂકીને જે અવાજ અને જે તાલમાં એ મ્યાઉં કરતી હોય છે તે અવાજથી બચ્ચાંઓ સમજી જાય છે કે તેમણે બહાર નીકળવાનું નથી. માતાના આગમન બાદ જ એમણે એ સ્થાનમાંથી બહાર નીકળવાનું છે!

બિલાડીઓ પોતાના સ્વર અને એના તાલથી જ પોતાને અભિવ્યક્ત કરતી હોય છે.

ગધેડાઓ પણ, જે એકદમ મૂર્ખ હોય છે એમ માની લેવાયું છે તેઓ પણ અમુક સમયે અસામાન્યપણે ચતુર બની જતા હોય છે. એક વખત અમુક ઘોડાઓ અને ગધેડાઓને સાથે એક સ્થાનમાં પૂરી રાખવામાં આવ્યા હતા. દરવાજો બંધ રાખવામાં આવ્યો હતો. હેતુ એ જોવાનો હતો કે તેઓ બહાર નીકળી શકે છે કે કેમ. ઘોડાઓ કશું કરી શક્યા નહિ. લાચાર બની રહ્યા, જ્યારે એક ગધેડો નિષ્ક્રિય કળ ઊંચી કરીને બહાર નીકળી ગયો હતો. દૂરની વાત છોડો, આપણા આશ્રમમાંની શ્રી માતાજીની બિલાડી ચીકુ અસાધારણ રીતે હોંશિયાર હતી. એક દિવસ તે એક ઓરડામાં પુરાઈ ગઈ હતી. પછી એ જોવામાં આવ્યું હતું કે એ બિલાડી શ્રી માતાજી જે રીતે બારી ખોલતાં હતાં તે જ રીતે બારી ખોલવાનો પ્રયત્ન કરી રહી હતી! દેખીતી રીતે જ ચીકુએ શ્રી માતાજીને બારી ખોલતાં ધ્યાનપૂર્વક નિહાળ્યાં જ હશે!

અમારી પાસે એક કૂતરી હતી. અમે જે પ્રથમ ઘર ભાડે રાખ્યું હતું એમાં કોઈ એ માદા કૂતરું છોડી ગયું હતું. એક દિવસ એ ઘર બહાર રહી ગઈ હતી. ઘર અંદરથી બંધ હતું. તે દરવાજા પાસે બેસી ગઈ હતી અને વિચાર કરવા લાગી હતી કે 'અંદર જવું કઈ રીતે?' એ જે રીતે બેઠી હતી, એનું મસ્તક ઢાળીને જાણે વિચારમગ્ન અવસ્થામાં એ હતી તે એની આંખો દર્શાવતી હતી. પછી તે એકાએક ઊભી થઈ ગઈ અને જાણે સ્વગત બોલતી ન હોયઃ 'આહ! બાથરૂમનો દરવાજો છે ત્યાં જઈને હું પ્રયત્ન કરું.' અને પછી બાથરૂમની દિશા તરફ તે વળી. એ દરવાજો ખુલ્લો હતો અને તે અંદર પ્રવેશી ગઈ.

યુરોપના લોકો જ માનવ અને પ્રાણી વચ્ચે મોટો તફાવત ઊભો કરે છે. તફાવત એટલો જ છે કે પ્રાણીઓ ખ્યાલો બાંધી લેતાં નથી અને તેઓ લખી વાંચી શકતાં નથી. અને તત્ત્વનિરૂપણ કરતાં હોતાં નથી.

**નઃ** તેઓ યોગ પણ કરી શકતાં નથી.

**શ્રી અરવિન્દ :** એ વિશે હું જાણતો નથી. એક સમયે જ્યારે હું અને શ્રી માતાજી ધ્યાન કરતાં

હતાં ત્યારે એક બિલાડી ત્યાં હાજર હતી. અમે જોયું કે તે જરા વિચિત્ર રીતનું વર્તન કરતી હતી. તે બિલાડી સમાધિમાં સરી ગઈ હતી અને તે પોતાનું શરીર છોડવાની અણી પર પહોંચી ગઈ હતી, એ મૃત્યુ પામી રહી હતી. એકાએક એ અવસ્થામાંથી એ પાછી ફરી હતી. દેખીતી રીતે જ તે કંઈક ગ્રહણ કરવાનો પ્રયત્ન કરી રહી હતી. (એજન : પૃ. ૨૨૩-૨૨૪)

**દિવ્ય તણખો**

અલબત્ત, પ્રત્યેક માનવમાં ચૈત્યપુરુષ છે એમ કોઈ કહી ન શકે, જેમ પ્રત્યેક પશુને તે મળ્યું છે તેનો નિષેધ પણ ન થઈ શકે. મનુષ્યની લગોલગ જીવનારાં ઘણાં પશુઓમાં તેની શરૂઆત જણાય છે; જ્યારે બીજી બાજુ ઘણી વાર એવા માણસો પણ મળી આવે છે જેઓ પશુ કરતાં અન્ય હોય એમ જણાતું નથી. આમાં પણ ઘણુંખરું સમતુલન થયું છે. પરંતુ સમગ્ર ભાવે જોતાં સાચા અર્થમાં ચૈત્યની શરૂઆત માનવની ભૂમિકાથી થઈ ગણાય; અને એટલે જ કૅથોલિક સંપ્રદાય જણાવે છે કે માત્ર માણસમાં આત્મા છે. એકમાત્ર મનુષ્યમાં જ ચૈત્ય સત્તા પૂરી જાગી, એની શક્યતા ગણાય, અને તે એટલી હદે કે ઉપરના કોઈ દેવની સાથે, અવતરતા કોઈ સત્ત્વની સાથે આખરે તે જોડાય અને એકત્વ પામે. (શ્રી માતૃવાણી ગ્રંથ : ૩ : પૃ. ૧૬૫)

*

ઘણા લોકો એમ કહે છે કે જ્યારે તેઓ વિચાર કરવા માંડે છે ત્યારે 'ચેતના' હોય છે — જ્યારે તેઓ વિચાર કરતા નથી હોતા ત્યારે તેઓ સચેતન નથી હોતા. પરંતુ વૃક્ષો પૂર્ણપણે સચેતન હોય છે છતાં તેઓ વિચાર કરતાં હોતાં નથી. એમનામાં ખૂબ ચોક્કસ પ્રકારનાં સંવેદનો હોય છે જે એક ચેતનાનો આવિષ્કાર કરતાં હોય છે, છતાં તેઓ વિચાર કરતાં હોતાં નથી. વિચાર કરવાની શરૂઆત પ્રાણીઓ કરે છે અને તેમનાં પ્રતિકાર્યો વધુ પ્રમાણમાં સંકુલ હોય છે. પરંતુ વૃક્ષો અને પ્રાણીઓ બન્ને સચેતન હોય છે. વિચાર માત્રના અભાવમાં પણ તમે લાગણીઓ વિશે સભાન હોઈ શકો છો. (શ્રી માતૃવાણી ગ્રંથ : ૪ : પૃ. ૨૬૯)

*

**પ્રજાતિઓની જાતિ**

પ્રાણીમાં તો કોઈ વાર ઘણું તીવ્ર રીતનું ચૈત્ય સત્વ હોય છે. એ તો કુદરતી છે કે, પ્રાણી કરતાં બાળકમાં ચૈત્ય પુરુષ થોડો વધારે બંધાયેલો હોય છે, થોડો વધારે સભાન હોય છે એમ હું માનું છું. પણ આ વસ્તુ જાણવા માટે મેં પ્રાણીઓ ઉપર પ્રયોગો પણ કરેલા છે અને એમાં તો હું તમને ખાતરીથી કહી શકું છું કે પ્રાણીઓમાં મેં જે ગુણો જોયા છે, ઘણા સાદા, કશા આડંબર વિનાના, તેવા મને માણસોમાં ભાગ્યે જ જોવા મળ્યા છે. દાખલા તરીકે બિલાડીમાં, મેં બિલાડીઓનો અભ્યાસ ઘણો સારો કર્યો છે. તમે જો એમને ખૂબ નિકટતાથી ઓળખી શકો તો એ બહુ અદ્ભુત પ્રાણીઓ બની રહે છે. કેટલીક બિલાડીઓને મેં તેમનાં બચ્ચાંને ખાતર પોતાનો પૂરેપૂરો ભોગ આપી દેતી જોઈ છે. લોકો માતૃપ્રેમના ખૂબ જ વખાણ કરતા રહે છે. જાણે કે એ માણસમાં જ રહેલી વિશિષ્ટ વસ્તુ હોય એમ બધા સમજે છે. પણ મેં બિલાડીઓમાં

પણ આ પ્રેમ, સામાન્ય માણસજાતિમાં હોય છે તેના કરતાં કેટલાયે ઘણા વધુ પ્રમાણમાં પ્રગટ થતો જોયો છે. મેં એક બિલાડી એવી જોઈ હતી કે જે તેનાં બચ્ચાં, તેમને જોઈએ તેટલું બધું ખાઈ ન લે ત્યાં સુધી પોતે ખોરાકને અડતી ન હતી. મેં એક બીજી બિલાડી એવી જોયેલી કે જે એનાં બચ્ચાંને એકલાં મૂકતાં ડરતી હતી, એટલે આઠ દિવસ સુધી કંઈ પણ ખાધાપીધા વિના તે બચ્ચાંની પાસે જ બેસી રહી હતી. વળી એક બિલાડી એવી હતી કે તેણે તેનાં બચ્ચાંને એક દીવાલ પરથી બારીમાં કેવી રીતે કૂદકો મારવો તે શીખવવા માટે એ ક્રિયા પચાસ વખત કરતાં પણ વધુ વાર કરી હતી અને હું કહીશ કે, એ કામ તેણે એવી તો કાળજીથી, બુદ્ધિથી અને કુશળતાથી કરેલું કે એ રીતે ભણ્યાગણ્યા વિનાની ઘણી સ્ત્રીઓ તો ભાગ્યે જ કંઈ કરી શકે. અને આમ શા માટે થતું હશે? કારણ કે આમાં મન વચ્ચે આવતું ન હતું. એમાં એક શુદ્ધ સહજ વૃત્તિ કામ કરતી હતી. પણ તો આ સહજવૃત્તિ શું છે? એ છે પ્રાણી જાતિના વિશેષ સ્વરૂપમાં આવેલી પ્રભુની હાજરી અને એ છે પ્રાણીમાં રહેલો ચૈત્ય પુરુષ, એ ચૈત્ય પુરુષ સામૂહિક રીતનો હોય છે – વ્યક્તિગત નહિ.

માણસો પોતામાં રહેલા લાગણીઓના, સ્નેહના, ઊર્મિના, ભાવો વિશે જે આટલું બધું અભિમાન લે છે તે બધા ભાવ મેં પ્રાણીઓમાં જોયેલા છે. ફેર માત્ર એટલો જ કે પ્રાણીઓ એ વિશે બોલી કે લખી શકતાં નથી, એટલે આપણે તેમને હલકી કોટિનાં ગણીએ છીએ; કેમ કે એ કાંઈ પોતાને જે અનુભવો થતા હોય છે તે વિશે ચોપડીઓ લખી લખીને આપણા ઉપર વરસાવતાં નથી! (શ્રી માતૃવાણી ગ્રંથ : ૪ : પૃ. ૩૨-૩૩)

*

**પ્રજાતિઓનો મનોભાવ**

માણસની ઇન્દ્રિયો કરતાં પ્રાણીઓની ઇન્દ્રિયો ઘણી વધારે પૂર્ણરૂપની હોય છે. દાખલા તરીકે હું તમારી સાથે હોડ બકી શકું કે કોઈ માણસનાં પગલાં ઉપરથી જે રીતે કૂતરાં તેને શોધી કાઢે છે તે રીતે તમે શોધી શકશો નહિ!

આનો અર્થ એ છે કે ઉત્ક્રાંતિના વળાંક કિંવા ઊર્ધ્વગામી ચક્રમાં, પ્રાણીઓ (અને ખાસ કરીને આપણી સાથે વધુ પ્રમાણમાં સરખાપણું હોવાને કારણે જેમને આપણે 'ઉચ્ચ કક્ષાનાં' પ્રાણીઓ કહીએ છીએ) તેમનું નિયંત્રણ તે પ્રાણી–જાતિના આત્મા વડે થતું હોય છે અને એ આત્મા એક ખૂબ સભાનપણે વર્તતી ચેતના હોય છે. મધમાખો, કીડીઓ વગેરે આ રીતે તેમની જાતિના આત્માના નિયંત્રણને વશ વર્તે છે અને એ એક તદ્દન ખાસ પ્રકારની ગુણવત્તા ધરાવતો આત્મા છે. અને પ્રાણીઓમાં કાર્ય કરતી 'અંધપ્રેરણા' એ બીજું કંઈ નહિ પણ તેમની જાતિના આત્માને વશ વર્તતી તેમની આજ્ઞાધીનતા જ હોય છે અને એ આત્માને શું કરવા જેવું છે અને શું કરવા જેવું નથી તેની ખબર હંમેશાં હોય છે. તમે એક ગાયને ખુલ્લા મેદાનમાં ચરવા મૂકો; એ આમતેમ ફરતી જાય છે. સૂંઘતી જાય છે અને અચાનક જીભ કાઢીને ઘાસની કોઈ

એક પાંદડીને મોઢામાં મૂકી દે છે. પછી પાછી એ આગળ ચાલતી જાય છે. સૂંઘતી જાય છે અને ઘાસની બીજી એક ડાળખીને આરોગે છે, અને એમ ને એમ ચાલ્યે જાય છે. આ પ્રકારની પરિસ્થિતિમાં ગાય ઝેરી ઘાસ ખાઈ ગઈ હોય એવું કોઈના જાણવામાં આવ્યું છે? પરંતુ એ ગરીબ પ્રાણીને તમે એક ગમાણમાં પૂરી મૂકો અને થોડુંક ઘાસ એકઠું કરીને તેની સામે મૂકો. અને પછી (મને માફ કરજો, પણ મારે કહેવું જોઈએ કે) પેલું ગરીબ પ્રાણી, જેણે માનવીને આધીન વર્તવાને કારણે પોતાની સહજબુદ્ધિ ગુમાવી દીધી હોય છે, તે એ ઘાસ તેમાંના ઝેરી ઘાસ સાથે ખાઈ જાય છે. આપણે અહીં એવું ત્રણેક પ્રસંગે બનેલું, ઝેરી ઘાસ ખવાઈ જવાને કારણે ત્રણ ગાયો મરણ શરણ થયેલી. અને આ કમનસીબ પ્રાણીઓને, બધાં પ્રાણીઓની જેમ (જેને હું અઘટિત કહું છું તેવું) માનવીની વરિષ્ઠતા માટેનું માન હોય છે – માનવી ગાય પાસે ઝેરી ઘાસ મૂકીને એને એ ખાવાનું કહે તો એ ખાઈ જાય છે! પરંતુ એને પોતાની સ્વતંત્ર રીતે વર્તવા દેવામાં આવે, એની જાતિના આત્માની વચ્ચે કોઈ વસ્તુને આડખીલી ન કરવા દેવામાં આવે તો એ કદાપિ એમ ન કરે. જે કોઈ પ્રાણીઓ માણસના સહવાસમાં રહેતાં હોય છે તે બધાં તેમની સહજબુદ્ધિ ગુમાવી બેસે છે. કારણ કે માણસ કે જે તેમને કશી તકલીફ વિના આશરો અને ખોરાક આપી શકે છે તેને માટે તેમનામાં એક પ્રકારની ભક્તિભાવભર્યા માનની લાગણી હોય છે – થોડોક ભય પણ હોય છે, કારણ કે તેમને ખબર હોય છે કે માણસ તેમની પાસે જે કરાવવા માગે છે તે તેઓ નહિ કરે તો માર પડશે!

એ પ્રાણીઓ તેમની શક્તિ ગુમાવી બેસે છે એ એક વિચિત્ર ઘટના છે. દાખલા તરીકે, ભરવાડી કૂતરાઓ જે માણસોથી ઘણે દૂર ઘેટાંનાં ટોળાં સાથે રહેતા હોય છે તેમની પ્રકૃતિ ઘણી સ્વતંત્ર હોય છે (એ કૂતરાઓ અવારનવાર ઘેર આવતા હોય છે અને તેમના માલિકને સારી પેઠે ઓળખતા હોય છે, પણ તેને મળવાના પ્રસંગો ઝાઝા હોતા નથી). એવા કોઈ કૂતરાને સાપ કરડે છે ત્યારે તે એક ખૂણામાં બેસીને ઘાને ચાટ્યા કરે છે અને પોતે સારો થઈ જાય ત્યાં સુધી જે કંઈ કરવા જેવું હોય તે કર્યે જાય છે. પણ એ જ કૂતરો જો તમારી સોબતમાં રહેતો હોય અને તેને સાપ કરડે તો એ માણસની માફક નિઃસહાય રીતે મરણને ભેટે છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ : ૪ : પૃ. ૨૬૪-૨૬૫)

*

**પ્રજાતિઓની સહજવૃત્તિ**

પશુઓમાં નિયમન કરનાર મન કે તર્કબુદ્ધિ નથી હોતાં, પણ તેઓ જાતિની સાહજિક વૃત્તિની આજ્ઞાનું પાલન કરે છે. તે વૃત્તિ ખૂબ તર્કયુક્ત હોય છે. તે પશુઓની બધી પ્રવૃત્તિઓનું નિયમન કરતી હોય છે. તે જાતિના દૃષ્ટિબિંદુથી જોતાં, તે વૃત્તિ ખૂબ તર્કયુક્ત હોય છે. જે પશુઓમાં, માણસોની સાથે રહેવાને કારણે તે વૃત્તિ નથી હોતી, જેઓ પોતાની વૃત્તિને બદલે માનવની આજ્ઞાનું પાલન કરે છે, તેઓ વિકૃત બની જાય છે. અને પોતાની જાતિના ગુણો ગુમાવી બેસે છે. પણ જે પશુ પોતાનું સ્વાભાવિક જીવન ગાળતું હોય છે, માનવની અસરથી

મુક્ત હોય છે, તે પોતાના દૃષ્ટિબિન્દુથી એક ખૂબ તર્કયુક્ત પ્રાણી હોય છે. કારણ કે તે પોતાની પ્રકૃતિ સાથે સુસંગત, પોતા માટે કલ્યાણકારી વસ્તુઓ જ કરતું હોય છે. સ્વાભાવક રીતે જ, તેને માથે સંકટો આવી પડે છે, કારણ કે તે સતત પોતાની જાતિનાં બીજા પશુઓ સાથે ઝઘડતું હોય છે; પણ તે મૂર્ખાઈભરેલી રીતે વર્તતું હોતું નથી. મૂર્ખાઈઓનો અને વિકૃતિનો પ્રારંભ સચેતન મન સાથે, માનવજાતિ સાથે થતો હોય છે. (શ્રી માતૃવાણી ગ્રંથ : ૯ : પૃ. ૯૯)

*

**વાનર જેવું પ્રાણી, જે બે પગે ચાલે છે**

પછી તમે પશુ પ્રત્યે આવો છો. પ્રાથમિક પશુઓનો છોડોથી ભેદ પારખવે એ બહુ મુશ્કેલ હોય છે, તેમનામાં ચેતના નહિ જેવી હોય છે, પશુઓમાં પણ ક્રમિક સ્થિતિઓ હોય છે. ઉચ્ચતર પશુઓમાં ચેતના જરૂર દેખાય છે. તેમનામાં તદ્દન સ્વતંત્ર સંકલ્પશક્તિ પણ હોય છે. તેઓ બહુ સચેતન અને બુદ્ધિશાળી હોય છે. દા.ત. હાથી. તમે હાથીઓ તથા તેમની અદ્‌ભુત બુદ્ધિ વિશે અનેક કથાઓ જાણો છો. એટલે ત્યાં મન ખૂબ પ્રમાણમાં દૃષ્ટિગોચર થતું હોય છે. આ પ્રગતિશીલ વિકાસ દ્વારા આપણે ઓચિંતા એક એવી જાતિ પાસે આવી પહોંચીએ છીએ, જે ઘણું કરીને લુપ્ત થઈ ગઈ છે, પણ જેનાં ચિહ્ન જડ્યાં છે. પછી વાનર આવે છે અથવા વાનર જેવું કોઈક પ્રાણી, કે જે બે પગપર ચાલે છે. ત્યાંથી આપણે માણસ પર આવીએ છીએ.

(શ્રી માતૃવાણી ગ્રંથ : ૯ : પૃ. ૨૦૧)

*

અલબત્ત, તમે જો ગભરાયેલા હો – તમે એ ના પણ દર્શાવો – તો પણ બધાં પ્રાણીઓ એનો અનુભવ કરતાં હોય છે. તે એ અનુભવ અસાધારણ રીતે કરતાં હોય છે. એ અનુભવ તેઓ પોતાની સહજવૃત્તિથી કરી લેતાં હોય છે, જે સહજવૃત્તિ મનુષ્યોમાં હોતી નથી. પ્રાણીઓ એ અનુભવે છે કે તમે ડરી ગયા છો. તમારું શરીર એવું આંદોલન ઉત્પન્ન કરે છે, જે એ પ્રાણીઓની અંદર એકદમ અસુખકર સંવેદન જગાડે છે. એ જો બળવાન પ્રાણીઓ હોય તો એ સંવેદન તેમને ધૂંઆપુંઆ કરી દે છે અને એ પ્રાણીઓ જો નબળાં હોય તો એ સંવેદન એમનામાં ડર ઉત્પન્ન કરે છે. પણ તમારી અંદર જો ડર ન હોય, તમે સંપૂર્ણ વિશ્વાસ સહિત એમની નજીક જાવ, મિત્રભાવે એમની પાસે તમે જાવ તો તમને જણાશે કે પ્રાણીઓમાં પણ ડર હોતો નથી.... તેઓ પણ એકદમ વિશ્વાસપૂર્ણ હોય છે. (CWM 7 : 26)

*



The Force in her drew earth's subhuman broods;
And to her spirit's large and free delight
She joined the ardent-hued magnificent lives
Of animal and birds and flower and tree.
They answered to her with the simple heart.
In man a dim disturbing somewhat lives;
It knows but turns away from divine Light
Preferring the dark ignorance of the fall.

Savitri : 366 **Sri Aurobindo**

# માનવ અને પ્રાણીઓ

### નિત્ય કોયડારૂપ

થોડા સમય પહેલાં મને પ્રાણીજીવન સાથેની એકરૂપતાની અનુભૂતિ થઈ હતી. અને એ હકીકત છે કે પ્રાણીઓ આપણને સમજતાં હોતાં નથી. એમની ચેતનાનું ગઠન એ રીતે થયું હોય છે કે આપણે લગભગ સંપૂર્ણ રીતે એમને ટાળતાં હોઈએ છીએ. અને છતાં હું એવાં ઘરેલું પ્રાણીઓ – બિલાડીઓ અને કૂતરાંઓને જાણું છું – ખાસ કરીને બિલાડીઓ, જેમણે આપણને – માનવોને – સમજવાનો ચેતનાનો યોગિક પ્રયત્ન કર્યો હતો. પણ સામાન્યતઃ એ પ્રાણીઓ જ્યારે આપણને જીવન જીવતાં, કાર્ય કરતાં નિહાળે છે ત્યારે તેઓ આપણને સમજતાં હોતાં નથી, આપણે જેવાં છીએ તેવાં તેઓ આપણને જોતાં નથી અને આપણે કારણે તેઓ (પ્રાણીઓ) દુઃખ અનુભવતાં હોય છે. આપણે સદાને માટે એમને માટે કોયડારૂપ હોઈએ છીએ. એમની ચેતનાનો નાનો શો અંશ માત્ર આપણી સાથે જોડાયેલો હોય છે. અને આપણે જ્યારે અતિમાનસ જગત પ્રતિ દૃષ્ટિ કરીએ છીએ ત્યારે આપણી સ્થિતિ પણ એવી જ હોય છે. જ્યારે ચેતનાની કડીનું ગઠન થશે માત્ર ત્યારે જ – અને ત્યારે પણ આપણા સ્વરૂપનો માત્ર એ જ ભાગ જે રૂપાંતર પામ્યો હશે તે જ અતિમનસને એ જેવું છે એ રીતે જોઈ શકશે – તે સિવાય મનોમય વિશ્વ અને અતિમાનસ વિશ્વ તે પ્રાણીવિશ્વ અને માનવવિશ્વ જેવાં એકબીજાથી અલગ જ રહેશે. (The Mother : Conversation with a disciple : February 3, 1958)

*

### દુર્ઘટનાનો સામનો કરવો

હમણાં થોડા વખત ઉપર હું બધું ધ્યાનપૂર્વક જોવા લાગી હતી. મેં જોયું કે માણસો અને પ્રાણીઓના જીવનમાં એક સરખા બનાવો બનતા હોય છે. તો પણ તેમાં ફેર હોય છે. તમે જો પ્રાણીઓ સાથે એકરૂપ થઈને જોશો તો તમને બરાબર જણાશે કે પ્રાણીઓ વસ્તુને જરા પણ દુઃખની રીતે લેતાં નથી હોતાં – જે પ્રાણીઓનો માણસોની સાથે સંબંધ થયેલો હોય છે તે આમાં અપવાદ હોય છે. પણ એવાં પ્રાણીઓની સ્થિતિ પછી કુદરતી હોતી નથી, એ એક વચગાળાની અવસ્થા હોય છે. એ પ્રાણીઓ પ્રાણી અને મનુષ્ય વચ્ચેની સંક્રાન્તિની અવસ્થાનાં પ્રાણીઓ બની રહે છે... અને આવાં પ્રાણીઓ કુદરતી રીતે જ માણસ પાસેથી એની ખામીઓ ઝીલી લે છે, બીજાઓની ખામીઓ ઝીલી લેવી એ હંમેશાં સહેલામાં સહેલી વસ્તુ છે! અને પછી એ પ્રાણીઓ બિચારાં દુઃખી થાય છે – વગર ફોગટનાં.

(શ્રી માતૃવાણી ગ્રંથ : ૧૦ : પૃ. ૧૬૭-૧૬૮)

*

**સંવાદિતાની ઝંખના**

સાચાં પ્રાણીઓ વધુ સારાં હોય છે. અને એ પ્રાણીઓ તેમની વચ્ચે વધુ સંવાદમય પણ હોય છે. માણસો જે રીતે ઝગડતાં હોય છે તેમ એ પ્રાણીઓ ઝગડતાં હોતાં નથી. તેઓ કોઈ વહેમ ધરાવતાં હોતાં નથી. તેઓ કોઈને ઊતરતી કક્ષાનું ગણી એનાથી અંતર રાખતાં હોતાં નથી. (CWM 14 : 272)

*

આપણે જે રીતે દુઃખી હોઈએ છીએ તે રીતે તેઓ બિલકુલ દુઃખી રહેતાં નથી. સિવાય કે એવાં પ્રાણીઓ - શ્રી અરવિન્દ જણાવે છે તે મુજબ જે મનુષ્યોના સંપર્કમાં આવી ભ્રષ્ટ થયાં હોય. જે પ્રાણીઓ મનુષ્યો સાથે રહેતાં હોય છે તે ભ્રષ્ટ થતાં હોય છે. કૂતરાઓમાં પાપ અને અપરાધની ભાવના હોય છે. કારણ એમની સમગ્ર અભીપ્સા મનુષ્ય જેવા બનવાની હોય છે – મનુષ્ય ભગવાન છે – અને પછી દંભ, જૂઠાણું. કૂતરાંઓ જૂઠું બોલતાં હોય છે. માણસો એમના એ ગુણની પ્રશંસા કરે છેઃ 'ઓહ! કેવાં બુદ્ધિશાળી પ્રાણીઓ છે કૂતરાંઓ' એ પોતાની દિવ્યતા ગુમાવી ચૂકયાં હોય છે. (CWM 15 : 347-48)

*

**વિકૃતિ એ માનવી રોગ**

વિકૃતિ એ માનવી રોગ છે. પશુઓમાં તે ભાગ્યે જ જોવામાં આવે છે. વિકૃતિ એ પશુઓમાં જ જોવામાં આવે છે કે જે માનવના ખૂબ સંપર્કમાં આવ્યાં હોય છે અને જેમને માનવની વિકૃતિનો ચેપ લાગ્યો હોય છે.

અલ્જીરિયામાં–ઉત્તર આફ્રિકામાં કેટલાક અમલદારો વિશે એક કથા છે. તેમણે એક વાંદરો દત્તક લીધો હતો. વાંદરો તેમની સાથે રહેતો હતો. એક દિવસ ભોજન સમયે તે લોકોમાં એક વિચિત્ર વિચાર આવ્યો, તેમણે વાંદરાને આલ્કોહોલ, દારૂ પીવા આપ્યો, વાંદરાએ બીજા લોકોને તે પીતા જોયા. તેમાં તેને મજા પડી. તેણે પણ દારૂનો એક પ્યાલો પીધો. પછી તે વાંદરો માંદો પડ્યો. ખૂબ માંદો પડ્યો. ટેબલ નીચે તે ખૂબ પીડાથી આળોટવા લાગ્યો, તેની સ્થિતિ બહુ ખરાબ બની ગઈ. જ્યારે શારીરિક પ્રકૃતિ વિકૃત બની ગઈ હોતી નથી, ત્યારે દારૂની જે સ્વયંભૂ અસર થાય છે તેનું દૃષ્ટાંત તે વાંદરાએ તેમને પૂરું પાડ્યું. તે દારૂના ઝેરથી અધમૂઓ બની ગયો. પછી તે સાજો થયો. થોડાક સમય પછી તેને ફરી વાર ભોજન સમયે હાજર રાખવામાં આવ્યો. કોઈએ તેની આગળ દારૂનો પ્યાલો મૂક્યો. ખૂબ ક્રોધપૂર્વક તેણે તે પ્યાલો ઉપાડીને આપનાર માણસના માથા પર ફેંક્યો. તે રીતે તેણે બતાવી આપ્યું કે પોતે માણસો કરતાં ઘણો વધારે ડાહ્યો હતો! (શ્રી માતૃવાણી ગ્રંથ : ૯ : પૃ. ૯૮-૯૯)

*

**પ્રાણીઓમાં પ્રેમ**

બાળક : પશુઓમાં જે પ્રેમ મનુષ્યો માટે હોય છે તે કયા પ્રકારનો ગણાય?

**શ્રી માતાજી :** એ પ્રેમ, જે લોકો બહુ બુદ્ધિશાળી નથી હોતા અને તેઓ પ્રભુ પ્રત્યે તેવો પ્રેમ દાખવે છે તે રીતનો હોય છે. એમાં આદરભાવ, વિશ્વાસ અને સહીસલામતીની લાગણી પણ હોય છે. આદરભાવ! કારણ કે એ વસ્તુ તમને ખરેખર સુંદર લાગતી હોય છે. અને એમાં કોઈ બુદ્ધિના તર્ક હોતા નથી, કેવળ જાણે કે, આપોઆપ હૃદયમાંથી ઊભરાઈ આવતો આદરભાવ હોય તેવું. ઉદાહરણ તરીકે, કૂતરાંઓમાં એવી લાગણી ઘણી ઉચ્ચ કક્ષાની હોય છે. અને પછી વિશ્વાસ – કુદરતી રીતે, આમાં કેટલીક વાર બીજી વસ્તુઓનું મિશ્રણ થઈ ગયું હોય છે : એમાં જરૂરિયાત અને નિર્ભરતાની લાગણી રહેલી હોય છે, કે આ માણસ મને જ્યારે ભૂખ લાગશે ત્યારે ખાવાનું આપશે, જ્યારે હવામાન સારું નહિ હોય ત્યારે આશ્રયસ્થાન આપશે, મારી એ દેખભાળ રાખશે. પછી એ કોઈ સુંદર વસ્તુ હોતી નથી. કમભાગ્યે એમાં પછી એક જાતના ભયનું મિશ્રણ પણ થયેલું હોય છે (અને હું માનું છું કે એમાં દોષ કેવળ મનુષ્યનો જ હોય છે); એમાં એક પ્રકારની આશ્રિતપણાની અને કોઈ એક ખૂબ બળવાન, વધુ સભાન, વધુ ને વધુ... એક પ્રકારના ભયની લાગણી રહેલી હોય છે. એમ લાગતું હોય છે કે એ મને નુકસાન કરી શકે તેમ છે અને મારામાં એની સામે બચાવ કરવાનું કોઈ જોર નથી. એ એવી દયાજનક પરિસ્થિતિ છે, પણ મને લાગે છે કે એમાં દોષ, ખાસ કરીને મનુષ્યનો હોય છે.

પરંતુ જો મનુષ્ય સાચી રીતે પશુઓના પ્રેમને લાયક હશે તો એમાં આદર અને સહીસલામતીની ભાવના હશે. આવી રીતની સહીસલામતીની લાગણી એ ઘણી સુંદર વસ્તુ હોય છે : એને લઈને એને લાગે છે કે મારું રક્ષણ એનાથી થઈ શકશે, મારે જે કોઈ વસ્તુની જરૂર પડશે તે મને મળી રહેશે, અને મારે જ્યારે આશ્રયની જરૂર હશે ત્યારે એ પણ મળી રહેશે.

પશુઓનું મન અત્યંત પ્રાથમિક અવસ્થામાં હોય છે. માણસોને જેમ સતતપણે વિચારો સતાવે છે તેવું પશુઓની બાબતમાં બનતું નથી. ઉદાહરણ તરીકે, તમે એમના પ્રત્યે કોઈ માયાળુ વર્તાવ કરશો તો તેઓ તરત જ પોતાની આભારવશતાની લાગણી વ્યક્ત કરશે. જ્યારે સોએ ૯૯ માણસો દલીલો કરવા માંડશે અને પૂછશે કે સારા થવામાં શો લાભ મળશે. મનોમય પ્રવૃત્તિમાં આ એક અત્યંત મોટું દુઃખદાયક તત્ત્વ છે. પશુઓ એ બધાથી મુક્ત હોય છે અને જ્યારે પણ તેમના માટે કોઈ સારી વસ્તુ કરવામાં આવે છે ત્યારે તેઓ આપોઆપ આભારવશ બને છે. એમનામાં વિશ્વાસ હોય છે. એમનો પ્રેમ એ વિશ્વાસથી ભરેલો હોય છે અને પરિણામે એમનામાં તમારા માટે અત્યંત ઉત્કટ આસકિત અને એમનામાં તમારા સાંનિધ્યમાં રહેવાની અદમ્ય ઇચ્છા ઊભી થાય છે.

અને એક બીજી વસ્તુ : જો પશુનો માલિક સાચેસાચ એક સારી પ્રકૃતિનો મનુષ્ય હોય છે અને એ પશુ તેને વફાદાર હોય છે, તો એ બંને વચ્ચે ચૈતસિક અને પ્રાણમય શક્તિઓનું આદાન-પ્રદાન ઊભું થાય છે. પશુને માટે એ વસ્તુ અત્યંત અદ્‌ભુત અને ઉત્કટ આનંદ આપનારી હોય છે. જ્યારે તેઓને તમારી તદ્દન પાસે રહેવાનો પ્રેમ જાગે છે અને જ્યારે તમે

તેમને હાથમાં લો છો ત્યારે તેઓ આંતરિક રીતનાં સ્પંદનો અનુભવે છે. તમે એમને જે શક્તિ પ્રેમની, મૃદુભાવની, રક્ષણની અને બીજી બધી જે શક્તિઓ આપો છો, તેમનો તેઓ અનુભવ કરી શકે છે અને એને લઈને એમનામાં તમારા પ્રત્યે ખૂબ જ આસક્તિ ઉત્પન્ન થાય છે. અને એને લઈને, તદ્દન સહજપણે, કેટલાંક ઉચ્ચ જાતનાં પ્રાણીઓ, જેવાં કે કૂતરો, હાથી અને ઘોડામાં પણ એક પ્રકારની આશ્ચર્યકારક અને સ્વાભાવિક રીતની ભક્તિભાવની લાગણી ઉત્પન્ન થવાની જરૂરિયાત સર્જાય છે. એ લાગણીનું તત્ત્વ અત્યંત નિર્મળ અને ખૂબ સુંદર વસ્તુ હોય છે (અને એ બધાનો પ્રતિકાર મનની સર્વ રીતની દલીલો અને તર્કો વડે થઈ શકે તેમ નથી હોતું).

મનુષ્યના મને જ્યારે મનુષ્યમાં પ્રથમ આવિર્ભાવ કર્યો, ત્યારે એણે એની પ્રાથમિક સ્વરૂપની ક્રિયાને લઈને, એ અગાઉ જે અતિઘણી સુંદર વસ્તુઓ હતી તેને બગાડી મૂકી છે.

કુદરતી રીતે, જો મનુષ્ય પોતે ઉચ્ચતર કક્ષામાં આરોહણ કરીને પોતાની બુદ્ધિનો સદુપયોગ કરે તો એને લઈને વસ્તુઓની ગુણવત્તામાં ઘણો વધારો થાય. પરંતુ વચગાળાની એક એવી અવસ્થા છે જેમાં મનુષ્ય પોતાની બુદ્ધિનો ઉપયોગ તદ્દન હલકટ અને કુત્સિત રીતનો કરે છે; બુદ્ધિનો ઉપયોગ એ ગણતરીઓ માંડવા માટે, બીજા ઉપર આધિપત્ય જમાવવા અને છેતરવા માટે કરે છે અને ત્યારે પછી એ વસ્તુ ખૂબ વિરૂપતાભરી લાગે છે. હું મારી જિંદગીમાં એવાં અનેક પ્રાણીઓને મળી છું જેમને હું મનુષ્યોની એક મોટી સંખ્યા કરતાં ઊંચી કક્ષાનાં ગણું છું, કારણ કે એમનામાં પેલી ઘૃણાપાત્ર ગણતરીબાજી, છેતરપિંડી અને નફાખોરી કરવાની વૃત્તિ નથી હોતી. એવાં કેટલાંક પ્રાણીઓ પણ છે જેઓ મનુષ્યો પાસેથી આવી વૃત્તિઓ અપનાવે છે – મનુષ્યો સાથે સંસર્ગમાં આવવાને કારણે તેઓને આવી વૃત્તિઓનો ચેપ લાગે છે – પરંતુ એવાં પ્રાણીઓ પણ છે જેઓ આવી વૃત્તિઓ અપનાવતાં નથી.

(શ્રી માતૃવાણી ગ્રંથ : ૫ : પૃ. ૩૫૪થી ૩૫૬)

*

**માતા જેવો પ્રેમ**

હું તને ખાતરી આપું છું કે, સુંદર શબ્દોમાં આ વિશેની બોલવાની શક્તિ સિવાય ઉચ્ચ પ્રકારનાં પ્રાણીઓનો પ્રેમ, સ્તનપાન-કરનારાં પ્રાણીઓનો તેમનાં બચ્ચાંઓ માટેનો પ્રેમ તેમના જેવો જ હોય છે, તેમનામાં પણ તે જ ભક્તિ, તે જ પ્રકારનો સ્વાર્થત્યાગ તે જ પ્રકારનું આત્મવિસ્મરણ, તે જ માટે કેળવણી માટેની સંભાળ, તે જ પ્રકારની ધીરજ, તે જ પ્રકારનું... મેં ઘણી ઘણી અદ્‌ભુત વસ્તુઓ જોઈ છે, અને જો તે બધી લખાઈ હોત, અને તે બધી બિલાડીને બદલે સ્ત્રીને માટે લાગુ પાડી હોત તો ઉત્તમ પ્રકારની નવલકથાઓ બની હોત. લોકોએ એમ કહ્યું હોત : ''કેવી વ્યક્તિ ! આ સ્ત્રીઓ માતૃપ્રેમમાં કેટલી બધી અદ્‌ભુત રીતે સમર્પિત છે!'' બરાબર તે જ વસ્તુ, ફક્ત બિલાડીઓ પુષ્પિત વાચા વાપરી શકતી નથી એટલું જ. તેઓ ચોપડીઓ લખી શકી નહીં તેમ જ ભાષણો કરી શકી નહીં એટલો જ ફેર છે. પરંતુ

પૂરેપૂરી અદ્‌ભુત વસ્તુઓ મેં જોઈ છે અને એવા પ્રકારનો આત્મત્યાગ અને આત્મ-વિસ્મૃતિ જેવી પ્રેમની શરૂઆત થાય છે કે તુર્ત જ આવે છે. પણ માણસો... હું ખરેખર માનું છું. મેં જે કોઈ અભ્યાસ કર્યો તેના ઉપરથી કે કદાચ પ્રાણીઓમાં વધારે પવિત્રતા છે, કારણ કે તેઓ વિચારતા નથી, જ્યારે માનવીઓ પોતાની માનસિક શક્તિને લઈને, કલ્પના-શક્તિને લઈને, તર્ક, પૃથક્કરણ અને અભ્યાસને લઈને, આ બધી વસ્તુથી, ઓહ! તેઓ સુંદરમાં સુંદર ક્ષણને બગાડી નાખે છે. તેઓ ગણતરી કરવા બેસે છે, તર્કશક્તિ ચલાવે છે, શંકાકુશંકાઓ રાખે છે અને વ્યવસ્થા ગોઠવે છે. (શ્રી માતૃવાણી ગ્રંથ : ૬ : પૃ. ૧૦૩-૧૦૪)

*

**પ્રાણીઓમાં અને માનવોમાં ગ્રહણશીલતા**

એ શક્ય છે કે મોટામાં મોટો પ્રતિરોધ સૌથી વધુ સભાન સ્વરૂપોમાં હશે – મનોમય ગ્રહણશીલતાના અભાવને લઈને. મન જ એને માટે જવાબદાર હોય છે, જે એવું ઇચ્છે છે (શ્રી અરવિન્દના લખી જણાવ્યા મુજબ) કે એના પોતાના અજ્ઞાનની અવસ્થા મુજબ વસ્તુઓ બનતી રહે. કહેવાતો જડ ભૌતિક પદાર્થ વધુ સહેલાઈથી પ્રતિભાવ આપતો હોય છે, ઘણો વધુ પ્રતિભાવ – એ પ્રતિરોધ કરતો નથી. અને મને એ ખાતરી થયેલી છે કે છોડવાઓમાં કે પ્રાણીઓમાં, દાખલા તરીકે, પ્રતિભાવ મનુષ્યો કરતાં વધુ ઝડપી જોવા મળે છે. સંગઠિત થયેલ મન પર કાર્ય કરવું વધુ મુશ્કેલ બની રહેશે, જે સ્વરૂપો પૂરેપૂરા ચોક્કસ આકારવાળી, સંગઠિત મનોમય ચેતનામાં રહેતાં હોય છે તેઓ પથ્થર જેવા સખત હોય છે! એ ચેતના વિરોધ કરતી હોય છે. મારા મત મુજબ જે અભાન હોય છે તેઓ નિશ્ચિતપણે વધુ સહેલાઈથી અનુસરે છે. નળમાંથી આવતું પાણી, શીશીમાં ભરેલું મોં સાફ કરવાનું પ્રવાહી, કાચ, વાદળી – આ સર્વમાં હર્ષ અને સહમતિનો એવો ભાવ રહેલો હોય છે. ત્યાં અહંકાર નહિવત્ હોય છે, તમે સમજ્યા, ત્યાં સભાન અહંકાર હોતો નથી. સ્વરૂપ જેમ વિકાસ પામતું જાય છે તેમ અહંકાર વધુ સભાન થતો જાય છે અને પ્રતિકારક થતો જાય છે. ખૂબ જ પ્રાથમિક, ખૂબ સરળ સ્વરૂપો, નાનાં બાળકો પ્રથમ પ્રતિભાવ આપશે; કારણ એમની અંદર સંગઠિત અહંકાર હોતો નથી. પણ આ મોટા માણસો! જે લોકોએ પોતાની ઉપર કામ કર્યું હોય છે, જેમણે પોતાની ઉપર સ્વામિત્વ પ્રસ્થાપિત કર્યું હોય છે, જે લોકો વ્યવસ્થિત હોય છે, જેમનો અહંકાર પોલાદી હોય છે એમને માટે પ્રતિભાવ આપવાનું મુશ્કેલ બને છે.

એવા લોકો આ બધી વસ્તુઓથી પર જઈ પૂરતું આધ્યાત્મિક જ્ઞાન પ્રાપ્ત ન કરી લે અને અહંકારનું સમર્પણ કરી દેવાની ક્ષમતા પ્રાપ્ત ન કરી લે ત્યાં સુધી... આમ થાય તો સાક્ષાત્કાર સ્વાભાવિક રીતે વધુ મહત્તર બની રહેશે – આમ કરવું વધુ મુશ્કેલ બની રહેશે, પરંતુ પરિણામ વધુ સંપૂર્ણ હશે. (The Mother : Conversation with a disciple : June 6, 1958)

*

**માણસે બધી વસ્તુઓને ભ્રષ્ટ કરી નાખી છે**

માનવની મનોમય ચેતનાએ સમગ્ર પ્રકૃતિને પાપના વિચારથી ભરી દીધી છે અને સર્વ દુઃખો, એ વિચાર લઈ આવે છે તેનાથી ભરી દીધી છે. આપણે જે રીતે દુઃખી હોઈએ છીએ એ રીતે પ્રાણીઓ સહેજ પણ દુઃખી હોતાં નથી. સહેજ પણ નહિ, સિવાય કે – શ્રી અરવિન્દ જણાવે છે એ મુજબ – અમુક પ્રાણીઓ, જે ભ્રષ્ટ થયેલાં હોય. અને જે પ્રાણીઓ ભ્રષ્ટ થયેલાં હોય છે તે એ હોય છે, જે માનવો સાથે રહેતાં હોય છે. કૂતરાંઓમાં આ પાપ અને અપરાધની ભાવના હોય છે. કારણ એમની સમગ્ર અભીપ્સા માનવ સમાન બનવાની હોય છે. માણસ એમને માટે ભગવાન હોય છે. અને એટલે જ એમની અંદર ઢોંગ હોય છે, પાખંડ હોય છે. કૂતરાંઓ જૂઠું બોલતાં હોય છે. પણ માનવો એમના આ ગુણની પ્રશંસા કરે છે. 'ઓહ ! કેવાં તો એ બુદ્ધિશાળી છે.'

**પણ કૂતરો વધુ સભાન, વધુ ઉત્ક્રાંત, વાઘ કરતાં વધુ ઉત્ક્રાંત, વધુ ઉચ્ચ - ઈશ્વરની વધુ નજીક હોતો નથી?**

અહીં સભાન હોવાનો પ્રશ્ન નથી. એ વાતમાં કોઈ શંકા નથી કે માનવ વાઘ કરતાં વધુ ઉત્ક્રાંત થયેલો છે, પણ વાઘ માનવ કરતાં વધુ દિવ્ય છે. વ્યક્તિએ વસ્તુઓને ગૂંચવવી જોઈએ નહિ. આ બે, તદ્દન જુદી જ વસ્તુઓ છે.

ઈશ્વર સર્વત્ર છે, સર્વ વસ્તુમાં રહેલા છે. આપણે આ વાત કદાપિ ભૂલવી જોઈએ નહિ – એક ક્ષણ માટે પણ આ વાત આપણે ભૂલવી જોઈએ નહિ. તેઓ સર્વત્ર છે, સર્વ વસ્તુઓમાં રહેલા છે. અને અભાન, પણ સહજ અને એટલે જ સત્યનિષ્ઠ રીતે, સર્વ કંઈ, જે મનોમય આવિર્ભાવની નીચે રહેલું છે, તે સર્વ દિવ્ય જ છે. એમાં મિશ્રણ હોતું નથી, બીજા શબ્દોમાં કહીએ તો એ વસ્તુઓ સહજપણે અને પ્રકૃતિ સાથે સંવાદમાં અસ્તિત્વ ધરાવતી હોય છે. એ તો માણસે પોતાના મન સહિત અપરાધનો ભાવ એમાં ઉમેર્યો છે. સ્વાભાવિક રીતે માનવ વધુ પડતો સભાન છે... માણસો જેને ચેતના કહે છે એ છે વસ્તુઓને પદાર્થનિષ્ઠ બનાવવાની, મનોમય રૂપ આપવાની શક્તિ. એટલે માનવની રીતે એ સ્પષ્ટ જ છે કે માનવ પ્રાણી કરતાં વધુ સભાન છે, પણ માનવ પાપ અને વિકૃતિને એમાં લઈ આવે છે, જે આપણે જેને 'સભાન' કહીએ છીએ તે અવસ્થાની બહાર અસ્તિત્વ ધરાવતાં હોતાં નથી. ખરેખર તો આપણે જેને સચેતન – conscious – ગણીએ છીએ તે વાસ્તવિકતામાં સચેતન હોતું નથી...

સારું અને ખરાબ વિશેના આપણા સર્વ નૈતિક ખ્યાલો અને એ બધું એવી વસ્તુઓ છે, જે આપણે સૃષ્ટિ ઉપર આપણી વિકૃત અને ભ્રષ્ટ ચેતના વડે લાદેલું હોય છે. એ બધાંની શોધ કરનાર આપણે જ છીએ.

પ્રાણીની શુદ્ધતા અને દેવોની દિવ્ય શુદ્ધતા વચ્ચેની વિકૃત મધ્યસ્થી આપણે, માનવો છીએ. (The Mother : Conversation with a disciple : July, 1958)

*



**હું માતા છું.**

એક દિવસ શ્રી માતાજી પ્લે-ગ્રાઉન્ડમાં વિધવિધ વસ્તુઓ વિશે અમને જણાવી રહ્યાં હતાંઃ તેમણે અમને કહ્યું હતુંઃ ''દરરોજ સાંજે હું થોડા અંતર સુધી ડ્રાઈવ માટે જતી હતી. પવિત્રા ગાડી ચલાવતા હતા અને અમે પસંદ કરેલાં સ્થળે પહોંચી જતાં ત્યારે તેઓ ગાડી રોકી, દરવાજો ખોલી જાતે થોડું ચાલવા જતા હતા. એવે એક પ્રસંગે હું ગાડીમાં જ બેઠી હતી. વાતાવરણ ખૂબ જ શાન્ત હતું અને ગાડીમાંથી હું ઘણાં સુંદર દશ્યો નિહાળી રહી હતી. એકાએક જ ક્યાંકથી એક વિશાળકાય ઝેરી નાગ ગાડીમાં ઘૂસી આવ્યો. એ સીધો મારી પાસે આવી ગયો હતો અને મારા ખોળા ઉપર એની વિશાળ ફેણ ફેલાવીને ઊભો રહી ગયો હતો. મેં થોડો સમય એનું નિરીક્ષણ કર્યું. પછી મેં એને કહ્યુંઃ

''ઠીક, હવે તું જઈ શકે છે.''

તુર્ત જ એણે પોતાની ફેણ નીચી કરી અને એ દૂર જતો રહ્યો.

'શ્રી માતાજીએ નાગ સાથે એ રીતે રમત કરી તે મને ગમ્યું નહિ અને હું બબડી ઊઠ્યોઃ

'તમારે એ નાગને એ રીતે પ્રોત્સાહિત કરવો જોઈતો ન હતો. તમારે સીધેસીધો એનો ખાત્મો જ બોલી દેવાનો હતો.''

શ્રી માતાજી આશ્ચર્યચકિત થઈ બોલ્યાંઃ

''ના, એવું બની શકે જ નહિ. હું કેવી રીતે એને મારી નાખી શકું? હું માતા છું.''

(Preeti Das Gupta, Moments Eternal, P. 248)

# પ્રાણીઓ સાથેનો વ્યવહાર

**સંપૂર્ણ સમતા**

**'સાપ અને વીંછી જેવાં કેટલાંક જંતુઓ તરફ માણસને જે સ્વાભાવિક ઘૃણા થાય છે તેનું શું કારણ હશે?'**

આ પ્રકારની ને બીજી કોઈ રીતની ઘૃણાની લાગણી થવી એ કાંઈ ખાસ જરૂરી નથી. યોગની મૂળભૂત સિદ્ધિ તો એ છે કે ઘૃણાની લાગણી બિલકુલ જ ન થાય.

તમે જે ઘૃણાની વાત કરો છો તે ભયમાંથી ઉત્પન્ન થાય છે. તમારામાં જો ભય નહિ હોય તો એ લાગણી પણ નહિ થાય. એ ભય કોઈ પણ પ્રકારના તર્ક કે કારણમાંથી જન્મતો નથી, એ અંધપ્રેરણામાંથી આવે છે. વળી એ ઘૃણાની લાગણી વ્યક્તિગત કે અંગત નહિ પરંતુ સમસ્ત જાતિની છે. એ ભયની સૂચના સર્વસામાન્ય છે, અને સમસ્ત માનવજાતિની ચેતનામાં એ રહેલી છે. જ્યારે વ્યક્તિ માનવદેહ ધારણ કરે છે ત્યારે તેની સાથે સાથે એ બધી સંખ્યાબંધ સામાન્ય સૂચનાઓ, સમસ્ત જાતિના વિચારો, લાગણીઓ, સંસર્ગજનિત ખ્યાલો, આકર્ષણ, ઘૃણા, ભય વગેરે પણ તે આપોઆપ સ્વીકારી લે છે.

પણ એક બીજા દૃષ્ટિબિંદુથી જોતાં, આવાં આકર્ષણ કે પ્રત્યાકર્ષણો કેવળ વ્યક્તિગત જ હોય છે. કારણ કે બધા માણસોમાં એ ક્રિયાઓ એક જ પ્રકારની નથી હોતી. જુદા જુદા માણસોના પ્રાણમાં થતાં જુદાં જુદાં આંદોલનો ઉપર તેમનો આધાર હોય છે. કેટલાક માણસોને સાપ વગેરે પ્રાણીઓ પ્રત્યે બિલકુલ ઘૃણા નથી હોતી, એટલું જ નહિ પરંતુ તેમને માટે પ્રાણમાં એક પ્રકારનું આકર્ષણ અને પસંદગી પણ હોય છે.

આ જગતમાં અનેક ન ગમે તેવી અને બદસૂરત ચીજો આવેલી છે. પરંતુ એનો અર્થ એવો થતો નથી કે માણસે તેમના પ્રત્યે સતત ઘૃણાની લાગણી અનુભવવી જોઈએ. માનવમનને ક્ષોભ આપતી કે નિર્બળ કરતી ભય, ઘૃણા કે સંકોચની લાગણીઓને જીતી શકાય છે. યોગીએ તો એવી લાગણીઓનાં પ્રતિકાર્યોથી પર થવું ખાસ જરૂરનું છે. સર્વે પ્રાણીઓ, સર્વે પદાર્થો તથા સર્વે ઘટનાઓ વચ્ચે તેણે સંપૂર્ણ સમતા સાચવવી એ તો યોગસાધનાનું લગભગ પહેલું જ પગથિયું છે. હંમેશાં તમારે સ્થિર, નિર્લિપ્ત, અનાસક્ત અને અવિચલિત રહેવું જોઈએ. યોગીની ખરી શક્તિ જ એમાં રહેલી છે. જો તમે સંપૂર્ણ શાંતિ અને અક્ષોભની સ્થિતિમાં રહી શકો તો તમારી સામે આવેલાં ભયાનક ઝનૂની પ્રાણીઓને પણ તમે જીતી શકો છો.

*

**પ્રાણીઓ ઉપર પ્રભુત્વ**

પ્રાણમય સત્ત્વની સામે નિર્ભયપણે તાકીને જોવાની અત્યંત જાદુઈ અસર વિશે તમને ખ્યાલ નહિ આવે. પૃથ્વી પર પણ જેમને આપણે સામાન્ય રીતે પ્રાણીઓ કહીએ છીએ તે બધાં

પ્રાણિક શક્તિનાં સ્વરૂપોની સામે તમે આમ વર્તી શકો, તો સહેલાઈથી પ્રભુત્વ પ્રાપ્ત થઈ શકે તેમ છે. એક જીવતો-જાગતો વાઘ સહેજ પણ ગભરાયા વગર તેની આંખોમાં નજર પરોવી શકો તો ક્યાંય ભાગી જશે. સહેજ પણ ડર વગર તમે જો સાપની આંખોમાં આંખો પરોવી શકશો તો તમને તે કદાપિ ડંખ નહિ દઈ શકે. ધ્રૂજતા પગે તેની સામે આમ માત્ર જોયે નહિ પતે. તમારામાં ક્યાંય જરાય ક્ષોભ ન હોવો જોઈએઃ તેની અત્યંત ડરામણીમાં તમને સપડાવવા પોતાનું માથું હલાવતો હોય ત્યારે તેની નજર સામે તમારે શાંત સંહત રહેવું જોઈએ. મનુષ્યની આંખોમાં રહેલા પ્રકાશની પ્રાણીઓને ખબર હોય છે. જો તેને યોગ્ય રીતે સંચાલિત કરવામાં આવે તો તેને તેઓ સહી શકતાં નથી. જો સ્થિર અને ભયહીન હોય તો મનુષ્યની નજરમાં રહેલી શક્તિ તેમને નાકામિયાબ બનાવી દે છે.

એટલે હવે સારાંશમાં બે વાતો યાદ રાખો : કદાપિ, કદાપિ બીતાં નહીં અને બધા સંજોગોમાં તમારા બળને સોગણું કરવા માટે સાચી મદદની માગણી કરો.

(શ્રી માતૃવાણી ગ્રંથ : ૩ : પૃ. ૧૧૦-૧૧૧ અને ૧૮૦)

*

વાઘ કે સિંહ જેવું પ્રાણી પોતે જ્યારે ભૂખ્યું હોય ત્યારે જ શિકાર કરે છે. પરંતુ પૈસા કમાવવા માટે... સ્ત્રીની બાબતમાં એ અભાનતા હોય છે. મને ખાતરી છે કે પ્રાણીની ચામડીને વસ્ત્ર રૂપે ધારણ કરનાર મોટી સંખ્યા, એમને જો કહેવામાં આવે : તમે તમારા દેહ ઉપર જીવંત અને કારમી ચીસો પાડતા પ્રાણીની ચામડીને ધારણ કરો છો' તો એ તેમને માટે ખરાબ સ્વપ્નાંઓ લઈ આવનાર બની રહે. બહુ થોડા લોકો પછી એમ કહેશે! 'મારે શા માટે એની ચિંતા કરવી?'

પરંતુ હલકી કોટિના મનુષ્યો, પશુ જેવા લોકો જ તવંગર થતા હોય છે.

(The Mother : Conversation with a disciple : Oct 11, 1969)

*

*માણસ અમુક હદે અનેક પ્રાણીઓનું સમન્વય કરતું સ્વરૂપ છે : એ સર્વ પ્રાણીઓનો સમન્વય કરનાર છે એમ પણ કહી શકાય; જંતુથી માંડી કૃમિ અને હાથીથી માંડી સિંહ, બધાનો સમન્વય કરનાર.*

*પરંતુ પશુ તરીકે માનવ અતિશય અપૂર્ણ છે.*

(CWSA 12 : 229)

# શ્રી માતાજી અને પ્રાણીઓ

(એક શિષ્યે થોડી બિલાડીઓને ઝેર આપવાની રજા શ્રી માતાજી પાસે માગી હતી, બિલાડીઓ રોજ રાત્રે સાધકને હેરાન કરતી હતી. શ્રી માતાજીનો જવાબ નીચે મુજબ હતો.)

એક વખત મારી પાસે એક બિલાડો હતો, જેની ચેતના બાળકની ચેતના સમાન હતી. અને કોઈકે એને ઝેર પીવડાવી દીધું હતું. એ બિલાડો ઝેર પીધેલો મારી પાસે આવ્યો હતો. ત્યારે મેં એવા સર્વ લોકોને શ્રાપ આપ્યો હતો, જે બિલાડાઓને ઝેર આપે છે. અને એ ગંભીર વસ્તુ છે. એટલે તારે એમ કરવાનું નથી જ. મેં ખરેખરો શ્રાપ આપ્યો હતો – તે સમયે હું શ્રી અરવિન્દની પાસે હતી એટલે એ શ્રાપ ગંભીર પ્રકારનો હતો – એટલે તમે એ કાર્ય કરશો નહિ. પણ એનો રસ્તો છે...

તમે જાણો છો, મેં બિલાડીઓ સાથે એક સમજૂતી કરી છે. બિલાડાઓના રાજા સાથે એક કરાર કરેલો છે. એ ખૂબ મહત્ત્વની સમજૂતી છે, ખૂબ ખૂબ મહત્ત્વની, એ અસાધારણ પણ છે. અમુક કારણોસર બિલાડીઓના રાજાએ એ પ્રાણીઓ પરની અમુક શક્તિ મને આપેલી છે. અને એ સાચી વાત છે. માત્ર મારે જ એ પ્રાણીઓને જોવાના.

(The Mother : Conversation with a disciple : April 12, 1961)

*

**કીકી**

મારી પાસે એક ઘણી વહાલી લાગે તેવી નાનકડી બિલાડી હતી. તદ્દન સંસ્કારી હોય તેવી, અદ્‌ભુત બિલાડી હતી. એનો જન્મ ઘરમાં જ થયો હતો અને બધી બિલાડીઓની ટેવ હોય છે તે એને પણ હતી, એટલે કે, કોઈ વસ્તુ હાલતી ચાલતી જુએ તો તે તેની સાથે રમત કરવા બેસી જતી. એક વખત ઘરમાં એક મોટો વીંછી નીકળેલો અને આ બિલાડી તેની ટેવ પ્રમાણે એ વીં છી સાથે રમત કરવા લાગી, અને પછી વીંછીએ તેને ડંખ દીધો. પણ એ બિલાડી અસામાન્ય પ્રકારની હતી; વીંછી કરડેલો એટલે એ મરવાની અણી ઉપર હતી તો પણ મારી પાસે આવી અને જે પંજા ઉપર તેને ડંખ લાગેલો તે મને બતાવવા લાગી – એનો પંજો સૂજી ગયો હતો અને ખૂબ પીડા આપતો હતો. મેં એ મારી વહાલી બિલાડીને ઊંચકી લીધી અને તેને એક ટેબલ ઉપર બેસાડીને શ્રી અરવિન્દને બોલાવ્યા. મેં તેમને કહ્યુંઃ 'કીકીને વીંછી કરડ્યો છે. તેને સાજી કરી આપો.' એ બિલાડી એની બોચી ખંજવાળવા લાગી અને પોતાની લગભગ કાચ જેવી લાગણીશૂન્ય થવા આવેલી આંખો વડે શ્રી અરવિન્દ સામે જોઈ રહી. શ્રી અરવિન્દ તેની સામે બેઠા અને એ પણ તેની સામે જોઈ રહ્યા. અને પછી અમે જોયું કે એ નાનકડી બિલાડીને ધીમે ધીમે સારું થઈ રહ્યું છે, ભાનમાં આવી રહી છે, અને એકાદ કલાકમાં તો એ તદ્દન સાજીનરવી

થઈને કૂદકો મારીને બહાર ફરવા ચાલી ગઈ... એ દિવસોમાં શ્રી અરવિન્દ જે રૂમમાં સૂતા હતા તેમાં હું ધ્યાન કરાવતી હતી (હાલ અ જે રૂમ વાપરે છે ત્યાં) અને તેમાં નિયમિતપણે અમુક જ માણસો આવતા હતા, બધું બરાબર વ્યવસ્થિત રીતે ગોઠવેલું હતું. એ રૂમમાં એક આરામખુરસી હતી અને એમાં પેલી બિલાડી પહેલેથી જ જઈને પોતાનું આસન જમાવી બેસતી — કોઈ એ ખુરસીમાં બેસવા આવે તેની રાહ એ જોતી નહિ પણ પોતે જ ગોઠવાઈ જતી! અને રોજ નિયમિતપણે એ સમાધિ અવસ્થામાં પહોંચી જતી! એ ઊંઘતી ન હતી, બિલાડીઓ જ્યારે ઊંઘી જાય છે ત્યારે એ રીતે તેમનું શરીર વળેલું હોય છે તેવું તેની બાબતમાં બનતું નહિ. એને સમાધિ જ આવી જતી, એ અવારનવાર ચમકી ઊઠતી, નક્કી એને આંતર દૃશ્યો દેખાતાં હતાં, અને એ નાના નાના ઊંહ્કારા કરતી. એ ગહન સમાધિમાં ચાલી જતી. એ, એ રીતની અવસ્થામાં કલાકો સુધી રહેતી અને જ્યારે એ અવસ્થામાંથી તે બહાર આવતી ત્યારે ખાવાનું સ્વીકારતી નહિ. એને જગાડીને ખાવાનું આપવામાં આવતું પણ એ ઇન્કાર કરતી એ પાછી જઈ એની ખુરસીમાં બેસી જતી અને સમાધિમાં પાછી ચાલી જતી! અને એક નાનકડી બિલાડી માટે આ એક ભયંકર વસ્તુ બનતી જતી હતી... પણ એ બિલાડી સામાન્ય પ્રકારની ન હતી.

*

**પ્રાણીઓ સાથે પ્રયોગ**

એટલે મારી વાત હું એમ કહીને પૂરી કરીશ કે જો તમે કોઈ પ્રાણીને તેની સાહજિક અવસ્થામાં, માણસોથી દૂર, રહેવા દો તો એ એની જાતિના આત્માથી દોરાય છે, એનામાં ચોક્કસ કહી શકાય તેવી અંતઃસ્ફુરણા રહે છે અને એ કદી કોઈ મૂર્ખામીભરી ભૂલ કરતું નથી, પરંતુ તમે એને લાવીને તમારી પાસે રાખો ત્યારે એ પ્રાણી તેની અંતઃસ્ફુરણા ગુમાવી બેસે છે અને ત્યારે પછી તમારે એની સંભાળ લેવાની રહે છે. કારણ કે હવે એને શું કરવા જેવું છે અને શું નથી કરવા જેવું એનું ભાન રહેતું નથી. હું એક પ્રકારનો પ્રયોગ કરવા સારુ બિલાડીઓમાં રસ લેતી હતી, એને જો તમારે કહેવું હોય તો એક પ્રકારનો ઊલટી દિશામાંનો જન્માંતર કહી શકાય, એટલે કે મારે એ જોવું હતું કે એ પ્રાણીઓ જો તેમના હવે પછીના જન્મમાં માનવ દેહમાં પ્રવેશવા માટે તૈયાર હોય તો, આ તેમનો પ્રાણી તરીકેનો છેલ્લો જન્મ હતો કે કેમ. મારો પ્રયોગ સંપૂર્ણપણે સફળ થયેલો. મારી પાસે તદ્દન ખાતરીલાયક એવા ત્રણ દાખલાઓ બનેલા જેમાં તે પ્રાણીઓનો ચૈત્યપુરુષ એટલા પ્રમાણમાં વિકસિત થયેલો હતો કે જેથી તેઓ માનવ દેહમાં પ્રવેશી શકે. પરંતુ સામાન્ય રીતે માણસો આ રીતે કરતા નથી હોતા; સામાન્ય રીતે તો માણસો પ્રાણીઓની ચેતના, અથવા ખરું કહીએ તો તેમની અંતઃસ્ફુરણાને દુષિત કરી મૂકે છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ : ૪ : પૃ. ૨૬૬, ૨૬૭)

*

**પ્રાણીઓમાં સ્વાર્પણ**

મનુષ્યો કરતાં પશુઓમાં એ પ્રેમ વધુ શુદ્ધ સ્વરૂપનો હોય છે. પોતાનાં નાનાં બાળકોને માટે આત્મીયતા, કાળજી, સ્વાર્થત્યાગ જેવી વસ્તુઓના જે દાખલા પશુઓમાં જોવા મળે છે તે કેવળ અદ્ભુત હોય છે. પરંતુ એ બધું આપોઆપ બને છે, એમાં કશું ઊંડું ચિંતન, કશી વિચારણા હોતી નથી; પોતે કોઈ વસ્તુ કરે છે તેનો કોઈ પ્રાણી વિચાર કરતું નથી. માનવપ્રાણી વિચાર કરે છે કે પોતે કાંઈ કરે છે. કેટલીક વાર આને લઈ એની આખી ક્રિયા વણસી જાય છે (કેટલીક વાર શું — ઘણી વાર એવું બને છે). કેટલીક વાર એમાં ઉચ્ચતર ગુણ હોય છે, પણ એવું ઓછું બને છે. પ્રાણીઓ કરતાં મનુષ્યોમાં સહજપણે કાર્ય કરી શકવાની વૃત્તિ ઘણા ઓછા પ્રમાણમાં હોય છે.

મારી પાસે એક બિલાડી હતી. જ્યારે એણે પહેલી વાર પોતાનાં બચ્ચાંને જન્મ આપ્યો ત્યારે એ તેમની પાસેથી જરા પણ દૂર ખસવા માગતી ન હતી. તે ખાતી નહિ, શૌચાદિ કરતી નહિ; અને ત્યાંની ત્યાં જ એનાં બચ્ચાંની પાસે, તેમને વળગીને, તેમને ધવરાવતી બેસી રહેતી; એને બીક લાગતી હતી કે રખેને એમને કાંઈક થાય; એને માટે એ વિચાર નહોતી કરતી, એ એક સ્વાભાવિક ક્રિયા હતી. એ ખસવાનો ઇનકાર કરતી હતી, એને ભય હતો કે કદાચ એમને કોઈ ઇજા પહોંચે, એ આખી વસ્તુ સ્વયંપ્રેરણાથી બનતી હતી. અને જ્યારે તેઓ જરા મોટાં થયાં ત્યારે એણે તેમને શિક્ષણ આપવાને માટે જે મહેનત ઉઠાવી તે અદ્ભુત હતી. અને કેટલી બધી ધીરજ! અને ખોરાક પ્રાપ્ત કરવા માટે એક દીવાલ ઉપરથી બીજી દીવાલ ઉપર કૂદતાં એણે કેવી રીતે શીખવાડ્યું; એણે એકની એક ક્રિયાનું જેટલી જરૂર હોય તેટલી વાર, એક વાર, બે વાર, દસ વાર, સો વાર પણ કેવું તો પુનરાવર્તન કર્યે રાખ્યું. એનું બચ્ચું પોતે એને જે કરતાં શીખવવા માગતી હતી તે કરતાં શીખી ન રહે ત્યાં સુધી એ શીખવાડતાં થાકતી ન હતી. એ એક અદ્ભુત શિક્ષણ-કાર્ય હતું. એ બિલાડી તેમને મકાનો ઉપર થઈને જતાં, દીવાલોની ધારે ધારે ચાલતાં, ગબડી પડ્યા વિના કઈ રીતે ચલાય : જ્યારે બે દીવાલોની વચ્ચે ખાલી જગા હોય ત્યારે એકથી બીજી ઉપર કઈ રીતે કૂદીને જવાય, અહીં શું કરવું અને ત્યાં શું કરવું : એ બધું શીખવતી હતી. એ બચ્ચાં બીતાં હતાં, કારણ કે તેઓ ત્યાંની ખાલી જગા જોઈ શકતાં હતાં અને કૂદકો મારવાનો ઇનકાર કરતાં હતાં. અને એ બચ્ચાં ભયભીત થયેલાં હતાં (જો કે એટલું અંતર એમને માટે કાંઈ વધારે પડતું ન હતું, પણ વચમાં ખાલી જગ્યા હતી એટલે એમનો જીવ ચાલતો ન હતો.) એટલે એમની માએ કૂદકો માર્યો અને બીજી બાજુએ જઈ તેમને બોલાવવા માંડી, ચાલ્યાં આવો, આવો. એ બચ્ચાંઓએ જરા પણ હિલચાલ કરી નહિ, એ ધ્રૂજતાં હતાં. એટલે એ બિલાડી કૂદીને ફરી આવી અને તેમને એક સંભાષણ સંભળાવ્યું, પોતાના પંજા વડે તેમને નાની નાની થાપટો મારી અને ચાટવા માંડી, તેમ છતાં તેઓ હાલ્યાં નહિ. એટલે એ બિલાડીએ ફરી કૂદકો લગાવ્યો. હું એને એમ કરતી, ખાસા અડધા કલાક સુધી જોઈ રહી હતી. પરંતુ અડધા કલાકને અંતે, એને એમ લાગ્યું હશે કે એમને પૂરતા પ્રમાણમાં શીખવાડ્યું છે; એટલે પછી એ પોતે જેને વધુ આગળ

વધેલું, સૌમાં વધુ ક્ષમતાવાળું બચ્ચું ગણતી હતી તેની પાછળ ગઈ અને તેને પોતાના માથા વડે જોરથી એક ધક્કો માર્યો. પછી એ નાનકડું બચ્ચું કુદરતી પ્રેરણાને લઈને, કૂદી ગયું. અને એક વાર એનાથી કુદાયું એટલે ફરી ફરીને કૂદવા લાગ્યું, ફરી ફરીને...

આ જાતની ધરીજ બહુ ઓછી માતાઓમાં હોય છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ : ૫ : પૃ. ૩૫૮થી ૩૬૦)

*

**બ્રાઉની**

અગાઉ મેં એક ઓર બિલાડો, બિલાડીઓને થતા ટાઈફોડને લીધે ગુમાવી દીધો હતો. એને બ્રાઉની નામથી બોલાવવામાં આવતો હતો, એ ખૂબ જ સુંદર હતો, અદ્ભુત બિલાડો! એ બીમાર હતો ત્યારે પણ એ ગંદકી, એને માટે ફાળવેલ ખૂણા સિવાય અન્ય સ્થળે કરતો ન હતો. એ ક્રિયા કરવાની થાય ત્યારે એ મને નરમ અને દુઃખી અવાજે બોલાવતો હતો. અને હું એને એના બોક્ષ પાસે લઈ જતી હતી. એ એટલો તો સારો હતો, બાળક કરતાં પણ કંઈક વધુ મધુર અને વધુ વિશ્વાસુ હતો. પ્રાણીઓમાં એવો વિશ્વાસ હોય છે, જે માનવોમાં હોતો નથી. (બાળકોમાં પણ વધુ પડતા પ્રશ્નો કરતું મન હોય છે.) પણ બ્રાઉનીમાં એક પ્રકારનું પૂજા અને આરાધનાનું તત્ત્વ હતું. હું જેવી એને મારા હસ્તમાં લેતી, તો એ સ્મિત કરી શકાય તો સ્મિત સમર્પતો હતો. હું એને હાથમાં લેતી કે તુર્ત એ મુદાસભર બની જતો હતો...

આ બધાં પ્રાણીઓ એટલાં તો સારાં હોય છે, સિવાય કે તમે એ જાણતાં હો કે એમની સાથે વ્યવહાર કઈ રીતે કરવો. (The Mother : Conversation with a disciple : April 12, 1961)

*

**ઠોઠ – માણસ જેવો મોટો વાનર**

(ય, એક શિષ્ય એક મોટા વાનરને શિક્ષણ આપવા લાવવા માગતા હતા, અને એને માટે શ્રી માતાજીની પરવાનગી તેઓએ માગી હતી.)

અમુક લોકોએ 'ઠોઠ' સામે પહેલેથી જ વિરોધ કર્યો છે, હવે તમે મોટો માણસ જેવો વાનર લાવવા માગો છો તો પેલા લોકો ફરીથી વિરોધ કરશે... કારણ નોકરો ખરેખર ભયભીત બન્યા હતા. પાડોશીઓ પણ. ગમે તેમ એ બધું એમને પસંદ પડ્યું ન હતું. એક વખત ઠોઠ શયનખંડમાં ઘૂસી ગયો હતો એટલે કામવાળી બાઈ રડવા લાગી હતી; પાડોશી આવી પહોંચ્યો હતો. (સારા નસીબે એનામાં પૂરતી સમજ હતી.)

એ શાન્ત રહ્યો, ઠોઠ ઉપર એણે એકાગ્ર દષ્ટિ કરી, કદાચ થોડી કડકાઈ દાખવી અને વાંદરો જતો રહ્યો. કશું થયું નહિ. પણ અમુક સમયે ઠોઠ અસ્વસ્થ હોય તો એ ચાદર ફાડી નાખે કે એવું કંઈક તોફાન કરે. છેવટે એ પાડોશીએ આવીને મને એ પ્રસંગ વિશે જણાવ્યું હતું. પછી મેં એને કહ્યું હતુંઃ ''તમે પ્રાણી વિશે પ્રાથમિક વસ્તુ જાણતા નથી! તમે નસીબદાર છો કે તમારી

પ્રકૃતિ શાન્ત છે. પ્રાણીઓ તમારી લાગણીઓ કે સંવેદનો વિશે અતિશય સંવેદનશીલ હોય છે. તમે જો ડરેલા હો તો તેઓ તુર્ત જ ડરી જાય છે. તમે ગુસ્સે હો તેઓ તુર્ત જ ગુસ્સે થઈ જાય છે, તમે જો સૌમ્ય હો, દયાળુ હો, પ્રેમાળ હો તો તેઓ પણ સૌમ્ય, દયાળુ ને પ્રેમાળ બની રહે છે.'' એ ભાઈ મારી વાત સારી રીતે સમજી ગયા અને ત્યાર પછી બધું સારું જ છે.

એ Thoth ખરેખર નોંધપાત્ર હતો. મેં એને પ્રથમ વખત જોયો હતો ત્યારે શું થયું હતું તે વિશે મેં તમને જણાવ્યું છે? (મેં આગ્રહપૂર્વક Yને પૂછયું હતું કે એણે એને કશું શીખવાડ્યું હતું? પણ એણે એને કશું કહ્યું પણ ન હતું કે શીખવાડ્યું પણ ન હતું. એ Y સાથે આવ્યો હતો. એ Yના હાથ પર બેઠેલો હતો, અને જેવું એણે મારી સમક્ષ જોયું કે તુર્ત એણે પોતાના હાથ જોડ્યા હતા! અને પછી એણે મને વક્તવ્ય આપ્યું હતુંઃ એનું મુખ હાલતું હતું. અને અભિવ્યક્તિ કરતું હતું... પછી મેં એને અભિનંદન આપ્યા હતા... અને તુર્ત જ એ કૂદકો મારી મારા ઘૂંટણ પાસે બેસી ગયો હતો... મારા હસ્તમાં નમી પડ્યો હતો અને અર્ધ-સમાધિમાં સરી પડ્યો હતો. — એની હલનચલન ની ક્રિયા બંધ થઈ ગઈ હતી, એ સ્થિર બની ગયો હતો. એમ પાંચેક મિનિટ સુધી ચાલ્યું હતું. 'મને લાગ્યું હતું કે તે અહીં કાયમ રહી શકે નહિ. એણે હવે જવું જ જોઈએ, પછી એણે પોતાની આંખો ખોલી નાખી હતી અને એ જતો રહ્યો હતો.

માનવોમાં હોય છે એના પ્રમાણમાં એ વાનરની ગ્રહણશીલતા ઘણી વધુ નોંધપાત્ર હતી. પછી એણે આજુબાજુ દૃષ્ટિ કરી હતી, બારી બહાર નિહાળ્યું હતું અને આ સ્થાનમાં એણે રસ પણ લીધો હતો. પછી ફરીથી એણે મારી સમક્ષ જોયું હતું ફરી મારા ઘૂંટણ પાસે આવ્યો હતો અને મારે ખભે એનું મસ્તક ઢાળી દીધું હતું....

પ્રાણીઓ પાસે ખરેખર ઘણીબધી ચિત્તાકર્ષક શક્તિ હોય છે. મારે એ કહેવું જ જોઈએ આપણા સંબંધો ઘણા સારા છે. માનવ ચેતનામાં સમગ્ર વિકૃતિ મનોમય પ્રવૃત્તિથી આવેલી હોય છે, એ પ્રાણીઓમાં હોતી નથી. (માણસો સાથે રહેતાં પ્રાણીઓ એમાં અપવાદરૂપ હોય છે.) પણ બહારથી સીધેસીધાં આવેલાં પ્રાણીઓમાં સરળતા હોય છે. એક પ્રકારનું ચાતુર્ય હોય છે, જે ખૂબ જ મોહક હોય છે. અને એક ગૂઢ ગ્રહણશીલતા, એ માનવ ગ્રહણશીલતા કરતાં બહુ જ વધારે સહજ હોય છે.

(The Mother : Conversation with a disciple : May 13, 1967)

*

### તેઓ ખરેખર ધ્યાનપૂર્વક સાંભળતાં હોય છે

પેરિસમાં એક વનસ્પતિ ઉદ્યાન છે – 'લ જાંદ દ પ્લો' અને એમાં ઝાડ ઉપરાંત પ્રાણીઓ પણ રાખેલાં છે. એના એક ભાગમાં એક ઘણો સરસ સિંહ લઈ આવવામાં આવ્યો હતો. બેશક, એને પાંજરામાં તો રાખેલો હોય જ. અને એટલે એ ભાઈસાહેબ બહુ જ ક્રોધમાં રહેતા હતા. એ પાંજરામાં એક બારણું હતું અને તેની પાછળ તે સંતાઈ જઈ શકે તેમ હતું. અને જ્યારે લોકો તેને જોવા આવતા ત્યારે, ખરેખર એ બારણા પાછળ તે સંતાઈ જતો ! આ વસ્તુ

મેં જોયેલી, એટલે એક દિવસ હું તેના પાંજરા પાસે ગઈ અને તેની સાથે મેં વાતચીત કરવા માંડી (પ્રાણીઓ બોલાતી ભાષા પ્રત્યે ઘણાં સંવેદનશીલ હોય છે, એ ખરેખર સાંભળતાં હોય છે). અને એ મારા સિંહને મેં પ્રેમપૂર્વક ધીરેથી કહેવા માંડ્યું, 'અરે, તું કેટલો બધો તો સુંદર છે, પણ તું આમ સંતાઈ રહ્યો છે તે કેવું તો દયાજનક લાગે છે, મારે તો તને જોવો છે, તને જોવાનું મને બહુ ગમે...' અને ખરેખર એ સાંભળતો હતો. પછી એણે ધીરે ધીરે મારી તરફ આડી નજરે જોવા માંડ્યું, પછી એ મને વધારે સારી રીતે જોઈ શકે માટે એણે પોતાની ગરદન બહાર લંબાવી, પછી એણે પોતાનો પંજો બહાર કાઢ્યો અને આખરે બહાર આવીને પાંજરાના સળિયાને પોતાનું નાક અડાડીને ઊભો રહ્યો; જાણે એમ કહેતો ન હોય કે, 'આખરે મને સમજી શકે એવું કોઈ છે ખરું!' (શ્રી માતૃવાણી ગ્રંથ : ૪ : પૃ. ૩૬)

*

**ફેણવાળો ઝેરી નાગ**

થેંઓના ઘરની ચારે તરફ ઝાડી જંગલ જેવું હતું. ત્યાં સૈકાઓ જૂના ઑલિવના વૃક્ષો પણ હતાં. મીરા એકલાં આ ઝાડીમાં ફરવા જતાં. એક બપોરે તેઓ એક જૂના ઑલિવ વૃક્ષની નીચે બેસીને ધ્યાન કરી રહ્યાં હતાં, બપોરનો તાપ અસહ્ય હતો, પરંતુ મીરા તો ઊંડા ધ્યાનમાં લીન હતાં. ધ્યાનમાં જ તેમને એકાએક બેચેની થવા લાગી. એટલે તેમણે આંખો ખોલી તો સામે ફેણ ચઢાવેલો, ફૂંફાડા મારતો એક ઝેરી નાગ હતો. મીરાને થોડીવાર તો ખબર જ ન પડી કે સાપ આપલો બધો ગુસ્સામાં કેમ છે? પછી જાણ થઈ કે તેઓ જ્યાં બેઠાં હતાં ત્યાં પાછળ જ તેનું દર હતું. તેના દરમાં જવાના રસ્તાની આડે મીરા બેઠાં હતાં. એટલે તે ભયંકર ગુસ્સામાં હતો. મીરાને થયું કે સહેજ પણ હલનચલન કર્યું તો આ ક્રોધિત સાપ એને ડંખશે.

તે સમયે તેમને થેંયોની સલાહ યાદ આવી કે જરાપણ ભયભીત થયા વગર તેની આંખમાં સ્થિર નજરે જોયા કરવાનું. આ પ્રસંગ વિશે શ્રી માતાજીએ શિષ્યને કહ્યું હતું; 'મેં મારી ઇચ્છાશક્તિ પૂરેપૂરી કામે લગાડી. તેની આંખોમાં સ્થિર નજરે જોતી જ રહી, ધીમે ધીમે તેનો ફુત્કાર ઓછો થયો. અને પછી ધીમે ધીમે સાવ બંધ પડ્યો. થોડા સમય પછી બહુ જ ધીમે ધીમે હું મારા પગ ત્યાંથી ખસેડવા લાગી. પ્રથમ એક પગ પછી બીજો તેમ છતાં મેં સતત મારી નજર તો એની આંખોમાં જ પરોવેલી રાખી અને મારી ઇચ્છાશક્તિ પણ સ્થિરતાપૂર્વક લગાવેલી રાખી. અંતે આ ઝેરી સર્પે ઓચિંતી તેની ફેણ સંકેલી લીધી અને ઝડપથી પાછો ફરી તે નજીકના પાણીના ખાબોચિયામાં કૂદી પડ્યો.' પછી જ્યારે તેમણે થેંયોને આ પસંગ કહ્યો ત્યારે તેમણે પણ કહ્યું કે 'તમે તેના દરમાં જવાનો રસ્તો રોકીને બેઠાં હતાં. એટલે તે આટલો ગુસ્સે થયો.' આ તો મીરા પાસે ગુહ્યવિદ્યાની શક્તિઓ હતી, એટલે સાપ તેના ઉપર હુમલો કરી શક્યો નહીં. નહીંતર બીજું કોઈ હોત તો સાપે હુમલો કરીને પોતાનો રસ્તો કરી જ લીધો હોત!

(The Mother's Chronicles, Vol. 3)

*

**સાપોનો રાજા**

આપણે લગભગ એમ કહી શકીએ કે સર્વ પ્રાણીઓમાં સાપ મૂર્છાને લગતી કે આકર્ષણની શક્તિ પરત્વે સૌથી વધુ સંવેદનશીલ હોય છે. તમારી અંદર એ શક્તિ હોય (આકર્ષણની શક્તિ એકદમ ભૌતિક પ્રાણમાંથી આવતી હોય) તો તમે સર્પો ઉપર પ્રભુત્વ પ્રાપ્ત કરી શકો છો. જે લોકોને સર્પો  પસંદ હોય છે તેમની પાસે આકર્ષણની શક્તિ હોય છે અને સર્પો એમને આધીન વર્તન કરે એટલા માટે તેઓ એ શક્તિનો ઉપયોગ કરતા હોય છે. — ત્લેમસેનમાં ફેણવાળા ઝેરી નાગનો સામનો મેં આ શક્તિનો ઉપયોગ કરીને જ કર્યો હતો. તમને એની વાર્તા યાદ છે? થેંઓએ મને આ શક્તિ વિશે જણાવ્યું હતું અને એ શક્તિ મારી અંદર છે એ હકીકત વિશે હું સભાન હતી. એટલે જ હું કોબ્રાને આજ્ઞાંકિત બનાવી શકી અને પછી એ જતો રહ્યો હતો. પછીથી સર્પોનો રાજા — એ પ્રજાતિઓનો આત્મા — ત્લેમસેનમાં  મને મળવા આવ્યો હતો... (આ વાત પણ મેં જણાવી છે.)

...પછી... એ બે પ્રસંગો બાદ એક રાત્રે સર્પોનો રાજા મારી મુલાકાત લેવા આવ્યો હતો... એણે પોતાના મસ્તક ઉપર શાનદાર મુકુટ ધારણ કર્યો હતો - અલબત્ત એ પ્રતીકાત્મક મુકુટ હતો. એ હતો સર્પોની પ્રજાતિઓનો આત્મા. એનો દેખાવ ફેણવાળા ઝેરી નાગ જેવો હતો.

*

*(અનુસંધાન પેજ - ૩૧)*

**ઓજસ - બળદ**

એ આશ્ચર્ય નથી કે તે ઓજસ (બળદ) થોડી મુશ્કેલી સર્જતો હતો. આ બળદો માણસો બદલાય તે અનુભવી શકે એટલા તો બુદ્ધિશાળી હોય જ છે. આ નવો માણસ આવ્યો છે તે નિષ્ણાત તો નથી જ અને એની આસપાસ કંઈ મૂર્ખામીનું તત્ત્વ પણ રહેલું છે. તમારે કાળજીપૂર્વક એની સંભાળ રાખવી પડશે, કારણ બળદો સાથેનું એનું વર્તન જે છે તે મને પસંદ નથી.

પશુઓની પૂંછડીઓને આમળવાની એની જે ટેવ છે એનો હું બળપૂર્વક વિરોધ કરું છું. એનાં અંગોમાંના કોઈ એક અંગને જો કોઈ આમળે તો એ શું કહેશે? અને મને એ વાતની એકદમ ખાતરી છે કે આપણા બળદો એ ભાઈ કરતાં તો વધુ સંવેદનશીલ છે જ. અંતે વિષય પરત્વે એટલું તો હું તમને કહી શકું કે છત પરથી બળદો પર મેં શક્તિ એકાગ્ર કરી હતી અને એમને આદેશ આપ્યો હતો કે તેઓ આજ્ઞાંકિત બને અને નમતું જોખે. અને મેં જોયું કે બળદો ખરેખર ગ્રહણશીલ હતા. શાન્ત, સ્થિર, નિશ્ચિત સભાન સંકલ્પનો ઉપયોગ કરવો એ જ રીત છે, દિવ્ય જીવનના અભીપ્સુને લાયક ખરેખર અસરકારક રીત માત્ર આ જ છે. (CWM : 16 : 106-07)

*

# આશ્રમ પ્રાણીઓની વાર્તાઓ

**કોઈને બાકાત રાખવામાં આવ્યાં ન હતાં**

આશ્રમ એ શ્રી અરવિન્દ અને શ્રી માતાજીની પ્રયોગશાળા હતી. સર્વ જીવો, મહાન અને સામાન્ય એના અંગરૂપ હતા. હા, માનવો માત્ર જ નહિ. બિલાડીઓ અને કૂતરાઓ, ગાયો અને બળદો, કાળો કાગડો, રીચાર્ડનો ગધેડો, સર્વ, કોઈને બાકાત રાખવામાં આવ્યાં ન હતા.

(Dilip Kumar Roy : Sri Aurobindo to Dilip : Vol. 3, Page 11)

*

**The Puma - અમેરિકન જંગલી બિલાડી**

મારી માહિતી મુજબ શ્રી માતાજીના બિલાડીઓ, કૂતરાંઓ તથા આશ્રમના બળદો અને એક વખત ઉદાર દ્વારા લાવવામાં આવેલા એક નાના ગધેડા સાથેના પ્રસંગો વિશે જ હું જાણું છું તેમ છતાં તેઓ અન્ય ઘણાં પ્રાણીઓમાં રસ જાણું છું તેમ છતાં તેઓ અન્ય ઘણાં પ્રાણીઓમાં રસ ધરાવતાં હતાં. માતાજીએ પક્ષીઓ તેમ જ ઘોડાઓ વિશે વાત કરેલી છે. જે અમુક બિલાડીઓ અને કૂતરાંઓ, માતાજીને જાણતાં હતાં તેમની માફક એમની પણ અભીપ્સા માનવસ્વરૂપો બનવાની હતી. પણ જે પ્રાણીમાં એમને ખાસ અભિરૂચી હતી તે **Puma** – અમેરિકન જંગલી બિલાડી હતી. મને યાદ છે પ્રોસ્પેરીટી ખંડમાં શ્રીમાતાજીએ અમને પ્રશંસાત્મક સ્મિત સહ વાત કરી હતી કે **Puma**ને માનવસ્વરૂપો પ્રતિ સ્વાભાવિક આકર્ષણ રહેતું હતું અને માનવસ્વરૂપો સાથે તે નજદીકી મિત્રતા કેળવી શકતી હતી. અલબત્ત, આવા સંબંધ માટે કૂતરું સૌથી જાણીતું પ્રાણી છે. પણ યુગોથી એ ઘરેલું અને પાળેલું પ્રાણી બની રહેલું છે જ્યારે અમેરિકન જંગલી બિલાડી હજુ મૂળભૂત કુદરતી અવસ્થામાં રહેલું પ્રાણી બની રહ્યું છે. **The American Encyclopedia** માં પૃષ્ઠ નં. ૧૧૩૫ ઉપર આ પ્રમાણે જણાવાયું છે : "**Puma** અમેરિકામાં જોવામાં મળતી બિલાડી જાતિની વિશાળ પ્રજાતિઓ... **Puma** ને અમુક વખતે અમેરિકન સિંહ તરીકે પણ ઓળખાવવામાં આવે છે.

*

**શ્રી અરવિન્દ અને મોર**

શ્રી અરવિન્દે પણ પ્રાણીઓ સાથે વ્યવહાર કરેલો છે એવું આપણે જાણીએ છીએ. શ્રી માતાજી સાથેના એમના વર્ષોના સંબંધ દરમિયાન તેઓ ખાસ બિલાડીઓ સાથે સંપર્કમાં આવ્યા હતા. એક વખત શ્રી પુરાણીજીએ શ્રી અરવિન્દને શ્રી માતાજીની અમુક બિલાડીઓ માટે માછલીની ડીશ તૈયાર કરતા જોયા હતા. એવું સાંભળ્યું છે કે બિલાડી આવીને એમની ખુરશી પર બેસી જાય તો શ્રી અરવિન્દ કોઈ પણ વ્યક્તિને બિલાડીને ખલેલ પહોંચાડવા દેતા ન હતા. અમુક કૂતરાં પણ એમના કક્ષમાં જઈને એમનાં ચરણ ચાટતાં રહેતાં હતાં. જ્યારે

બિલાડો, – **Big boy** – મરણ પથારીએ હતો ત્યારે શ્રી અરવિન્દ પોતાના કક્ષમાંથી નીચે આવીને એ બિલાડાને પોતાના જમણા હસ્તથી પંપાળતા રહ્યા હતા. શ્રી માતાજી સાથેના એમના સંબંધો સ્થાપિત થયા તે પહેલાં પ્રાણીઓ સાથેના શ્રી અરવિન્દના વ્યવહાર વિશે બહુ ઓછા લોકોએ સાંભળ્યું હતું... શ્રી અરવિન્દના ગ્રંથોની શતાબ્દી આવૃત્તિ પ્રસંગે પ્રૂફ વાચન કરતી વખતે મને પહેલાંનું એક લખાણ વાંચવાની તક મળી હતી : **'Some selected Notes'** કાલિદાસના મહાકાવ્ય વિશે એ નોંધો હતી. કાલિદાસ મોર વિશે જણાવે છે એ અંગે ભાષ્યકારે લખ્યું છે એનો શ્રી અરવિન્દે ઉલ્લેખ કરેલો છે. ભાષ્યકારે એવું અર્થઘટન કરેલું છે કે મોર એમની આસપાસના વાતાવરણ સાથે આસક્ત હોતા નથી. શ્રી અરવિન્દ એ અર્થઘટનને અપ્રસ્તુત ઠેરવે છે અને લખે છે : ''મેં જાતે મોરને ઉછેર્યાં છે અને હું વાચકોને ખાતરી આપી શકું છું કે મોર પણ અન્ય જીવો જેટલી જ આસક્તિ ધરાવતાં હોય છે.'' શ્રી અરવિન્દે મોરોને ઉછેર્યાં છે, આ હકીકત ખરેખર નવાઈ પમાડે એવી વાત છે.

(K. & Sethana, Our Light and Delight, PP. 159-166)

*

**ગોલ્ડી**

શ્રી અરવિન્દની કરુણા એમની ચેતના જેટલી જ અમર્યાદિત હતી. આશ્રમની બિલાડીઓ અને કૂતરાંઓને પણ એ કરુણા પ્રસાદ પ્રાપ્ત થયો હતો. એક કુરકુરિયું જેને માતાજી ગોલ્ડી કહેતાં હતાં. તે એક સાધિકાને એની વિનંતી અનુસાર સોંપવામાં આવી હતી. એ કુરકુરિયું મોટું થયું પછી પુષ્પો ભરેલી ટોપલી પોતાના મોંમાં પકડીને રોજ બગીચામાંથી શ્રી માતાજીના કક્ષમાં લઈ આવતું હતું. પછી તે શ્રી અરવિન્દ સમીપ શાબાશી મેળવવા તથા એમનું વહાલ મેળવવા પહોંચી જતું હતું. મોટેભાગે એ શ્રી અરવિન્દના પલંગ નીચે સૂઈ જતું હતું.

(Narayan Prasad - Life in Sri Aurobindo Ashram, P. 340)

**Boudet - બાઉડેટ – ગધેડો**

વર્ષ ૧૯૪૫-૪૬ દરમિયાન એક દિવસ ઉદાર એક યુવાન ગધેડો લઈને આવ્યા હતા, ભગવાન જાણે એ ગધેડો તેઓ કયાંથી લઈ આવ્યા હતા ! નાતાલના દિવસે એ ગધેડાને સુંદર વસ્ત્રો પરિધાન કરાવવામાં આવ્યાં હતાં, એના માથા ઉપર શંકુ આકારની ટોપી પહેરાવી હતી અને એ રીતે ગધેડાને તૈયાર કરી તેઓ માતાજી સમક્ષ લઈ આવ્યા હતા. ફ્રેંચ ભાષામાં ગધેડાને **'la baudet'** કહેવામાં આવે છે. માતાજી એ ગધેડાને જોઈ ખુશ થયાં હતાં અને એનું નામ તેમણે આપ્યું હતું. **'Baudet'**. અને એમણે જણાવ્યું હતુંઃ ગધેડો આશ્રમવાસી બની ગયો.

હવે એની દેખભાળ કોણ રાખે ? રિચાર્ડની ઉંમર તે વખતે ૧૩ કે ૧૪ વર્ષની હતી અને ઇંગ્લેન્ડથી તે આશ્રમમાં એ જ સમયે આવ્યા હતા. રિચાર્ડને એ ગધેડાની દેખભાળ રાખવાનું કામ સોંપવામાં આવ્યું હતું.

રિચાર્ડ યુવાન હતા અને એ ગર્દભ પણ. બંને સાથેસાથે મોટા થયા. ધીરે ધીરે રિચાર્ડ

ગધેડાઓની સમગ્ર બિરાદરી સાથે મિત્ર બની ગયા. એક વખત રિચાર્ડને જાણવા મળ્યું કે એક ગધેડો કાર સાથે અથડાઈને રસ્તા ઉપર લોહીલુહાણ અવસ્થામાં પડયો હતો. જેવા સમાચાર મળ્યા કે તુર્ત રિચાર્ડ ઘટના સ્થળે ધસી ગયા હતા. તેઓ ગધેડાને દવાખાને લઈ ગયા હતા અને એની યોગ્ય સારવાર થઈ નહિ ત્યાં સુધી તેઓ પાછા ફર્યા ન હતા. આમ બધાં **'Richard– the Donkey hearted'** રિચાર્ડને કહેવા લાગ્યાં હતાં.

જુલાઈ ૧૪ એ ફ્રેંચ રાષ્ટ્રીય દિવસ છે. પોંડિચેરીમાં આગલા દિવસે જ ઉત્સવની ઉજવણીની શરૂઆત થઈ જતી હોય છે. એ લોકો ગધેડાઓની દોડનું આયોજન પણ કરતા હતા.

રિચાર્ડે પોતાના ગધેડા સાથે દોડમાં ભાગ લીધો હતો. દોડ માટે નિયમ એવો હતો કે ગધેડાની સવરી કરનાર વ્યક્તિએ દોડ પૂરી થાય તે બિંદુ સુધી ગધેડાની સવારી કરવી જ પડે... રિચાર્ડનો ગધેડો જેમ તેમ કરી વિજેતા થયો હતો.

(Pranab Bhattacharya, I remember Part-1, PP. 104-106)

*

**ચકલી માટે કરુણા**

સવારના ૫-૦૦ વાગ્યાનો સમય હતો. રોજની માફક હું શ્રી અરવિન્દ અને શ્રી માતાજી જે ઘરમાં નિવાસ કરતાં હતાં ત્યાં ગયો હતો. એ ઘરના અમુક હિસ્સાની સાફસફાઈનું કાર્ય મને કૃપાપૂર્વક સોંપવામાં આવ્યું હતું અને મારું એ આનંદદાયી કાર્ય કરવા માટે વહેલી સવારે હું જતો ત્યારે શ્રી માતાજી સ્વયં મારે માટે દ્વાર ઉઘાડી આપતાં હતાં.

તે દિવસે દ્વાર ઉઘાડ્યા બાદ શ્રી માતાજી ઊભાં રહ્યાં અને શ્રી અરવિન્દના નામે મને તે દિવસે વધુ શાન્ત બની રહેવાની કાળજી રાખવા જણાવ્યું. વચ્ચેના મોટા દ્વારના ઉપરના ભાગે એક ચકલી હતી અને તેને ખલેલ ન પહોંચે એને માટે મારે કાળજી રાખવાની હતી. મેં શ્રી માતાજીની સૂચનાને દિવ્ય આદેશ માની કાળજી રાખવા વચન આપ્યું. હું પછી ઘરમાં પ્રવેશ્યો અને શ્રી માતાજી આરામ કરવા ગયાં. કોઈ પણ હિલચાલ કે અવાજ કર્યા વગર હું એ વચ્ચેના મોટા દ્વાર પાસેથી પસાર થયો અને ખૂબ આશ્ચર્યાનંદ સાથે દ્વારના છેક ઉપરના ભાગે સ્થિર બેઠેલી ચકલીને મેં નિહાળી. મારા અંતઃકરણમાં ભાવ જાગ્યો : આપણા દિવ્ય પ્રભુ કેવા તો કરુણાસાગર છે! રાત્રે તેઓ એ મોટા ખંડમાં ચાલવાનું રાખતા હતા અને એમણે એ જોયું હતું કે એ ઘરની પ્રવર્તમાન શાન્તિમાં આ નાનો જીવ રાત્રિનો આરામ કરવા આવી ચડ્યો હતો. એમની કરુણા આપણી – માનવજીવોની જ માત્ર કાળજી રાખે છે એવું નથી. સર્વ જીવો, નાના કે મોટા સર્વને માટે એમના વિશ્વથી વિશાળ હૃદયમાં પ્રેમનું સ્થાન હતું.

આપણે સર્વ ખરેખર ભાગ્યશાળી છીએ અને પૃથ્વીનું પણ એ ધન્ય ભાગ્ય છે કે તેઓ – દિવ્ય પ્રભુ – આપણને સૌને મળ્યા. વિશ્વોના સ્વામી મૂર્ત્ત સ્વરૂપે, જે પોતાની ઊંચાઈએથી સદાને માટે આપણી ઉપર ઝૂકતા રહી એમના પ્રેમના હૃદયના ઊંડાણમાં આપણને સમાવી લે છે.

**(શ્રી પૂજાલાલનું સંસ્મરણ)**

*(અનુસંધાન પેજ - ૨૮)*




પરમ પાવન ધામ, શ્રી અરવિન્દ નિવાસ, વડોદરા
સુવર્ણ જયંતી વર્ષ ૨૯.૦૯.૧૯૭૧ – ૨૯.૦૯.૨૦૨૧

# વૃત્ત વિશેષ

૧૫ ઑગસ્ટ ૨૦૨૧ શ્રી અરવિન્દની ૧૪૯મી જન્મ જયંતી. આ વર્ષ ૧૫-૦૮-૨૦૨૧થી ૧૪-૦૮-૨૦૨૨ શ્રી અરવિન્દના ૧૫૦મા જન્મદિવસના વર્ષ નિમિત્તે શ્રી અરવિન્દના અનુયાયીઓ તેમ જ સામાન્ય જનો સમગ્ર વિશ્વમાં એક વર્ષ માટે વિધવિધ કાર્યક્રમોનાં આયોજનો કરનાર છે. સરકારો, અગ્રણી સંસ્થાઓ અને શ્રી અરવિન્દ કેન્દ્રોએ પોત-પોતાના કાર્યક્રમોની જાહેરાતો પણ આ અંગેની કરી દીધી છે. ૧૫મી ઑગસ્ટ ૨૦૨૧ના રોજ, શ્રી અરવિન્દ આશ્રમ, પોંડિચેરીમાં ભક્તોએ વિશાળ સંખ્યામાં સમાધિ દર્શન કરી ચરિતાર્થતાની અનુભૂતિ કરી. શ્રી અરવિન્દ નિવાસ, વડોદરા તેમ જ ગુજરાતનાં અન્ય શ્રી અરવિન્દ કેન્દ્રો ઉપર, પ્રાર્થના, ધ્યાન, પ્રણામની વિધિ ભાવપૂર્વક શ્રદ્ધાળુઓ દ્વારા, સરકારી નિયમોનું પાલન કરીને કરવામાં આવી. શ્રી અરવિન્દ નિવાસમાં સવારે ૧૦થી ૧૦.૩૦ તથા સાંજે ૬.૦૦થી ૬.૩૦ દરમિયાન ધ્યાનખંડોમાં સમૂહધ્યાનના કાર્યક્રમો થયા. સાંજે Mother's Group દ્વારા માર્ચ-પાસ્ટ પણ કરવામાં આવી હતી. પ્રસંગને અનુરૂપ શ્રી અરવિન્દની છબીઓ તેમ જ સ્વતંત્રતા સંગ્રામમાં એમના માર્ગદર્શનાનુસાર ફાળો આપનાર શિષ્યો તેમ જ એમનાં કુટુંબીજનોની વિરલ છબીઓનું અતિ સુંદર પ્રદર્શન શ્રી નરેન્દ્ર પટેલે ગોઠવ્યું હતું. લગભગ ૧૬ માસના વિરામ બાદ શ્રી અરવિન્દ નિવાસ, વડોદરા તથા ગુજરાતનાં અન્ય કેન્દ્રો ઉપર ભવ્ય ઉજવણીનાં દશ્યો જોવાં મળ્યાં. શ્રી અરવિન્દના જન્મનું આ ૧૫૦મું વર્ષ સર્વ ક્ષેત્રોમાં દિવ્ય પરિબળોના અંધકાર અને અવનતિનાં બળો ઉપરના વિજયનું વર્ષ બની રહે એ માટે શ્રી માતાજીનાં ચરણકમલોમાં આપણી પ્રાર્થનાઓ છે.

***

**નવાં પ્રકાશનો : (૧) અમૃતબિંદુઓ :** સંકલન અને પ્રકાશન : નરેન્દ્ર પટેલ, C/43 શ્રીપાદ નગર, વી.આઈ.પી. રોડ, કારેલીબાગ, વડોદરા-૧૮. ૧/૩૨ સાઈઝની ૫૬ પેજની પૉકેટ બુકમાં શ્રી માતાજીનાં લખાણોમાંથી સંકલન કરવામાં આવ્યું છે. મુખપૃષ્ઠ ૧, ૨ ને ૩ ઉપર શ્રી અરવિન્દ, શ્રી માતાજીની સુંદર રંગબેરંગી છબીઓ છાપવામાં આવી છે.

**(૨) વન્દે શ્રી ઑરોબિન્દો :** સંકલન અને પ્રકાશન : નરેન્દ્ર પટેલ, વડોદરા. શ્રી અરવિન્દ આશ્રમના સામયિક 'મધર ઈન્ડિયા' માં શ્રી અરવિન્દ વિશે દેશ-વિદેશના ૭૦ મહાનુભવોનાં લખાણો પ્રસિદ્ધ થયાં હતાં તેનું સંકલન આ ૧૦૦ પેજની ૧/૩૨ સાઈઝની પુસ્તિકામાં કરવામાં આવ્યું છે. અતિ સુંદર સંકલન. કવરપેજ ૧, ૨ ને ૩ ઉપર આર્ટ કાર્ડ પર શ્રી અરવિન્દ, શ્રી માતાજીની સુંદર, સુરેખ, રંગબેરંગી છબીઓ સહિતનું આ પ્રકાશન નયનરમ્ય છે. શ્રી નરેન્દ્ર પટેલે ભાવપૂર્વક તૈયાર કરેલ આ બે પુસ્તિકાઓ ગુરુને એમના ૧૫૦મા જન્મજયંતી વર્ષમાં ધરવામાં આવેલી અનુપમ ભેટરૂપ છે. પુસ્તિકા પ્રાપ્તિ માટે સંપર્ક : શ્રી નરેન્દ્ર પટેલ, મો. ૯૪૨૭૦૩૪૫૩૬.

**(૩) શ્રી અરવિન્દ રચિત : The Mother** : એક અધ્યયન : લેખક અને પ્રકાશક : મકરન્દ બ્રહ્મા, 'જ્યોતિ', ૧૧૦, શારદાનગર, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭. મો. ૯૩૨૭૪૮૦૧૧૯. શ્રી અરવિન્દની ૧૫૦મી જન્મજયંતીના વર્ષનું અનુપમ નજરાણું, શ્રી મકરન્દ બ્રહ્મા લઈ આવ્યા છે. ગુજરાતને શ્રી અરવિન્દ રચિત ગ્રંથોનો અભ્યાસ કરવાની સોનેરી શીખ શ્રી અંબુભાઈએ આપી હતી એને અનુસરી અભ્યાસવર્ગોનું નિયમિત આયોજન ગુજરાતનાં અમુક કેન્દ્રો અને સાધકોએ ચાલુ રાખ્યું છે. આવા અભ્યાસવર્ગોને લીધે જે કંઈ નિચોડો (સાર) રજૂ થયાં તે આ રીતે પુસ્તકાકાર લે છે તે આવકાર્ય ઘટના છે. પ્રસ્તુત પુસ્તકમાં The Motherનાં લખાણોનું વિવરણ રજૂ કરવામાં આવ્યું છે. આ પુસ્તકનાં લખાણો શ્રી અરવિન્દે એક સાધકને વિરોધી શક્તિઓના હુમલા સામે રક્ષણ પ્રાપ્ત થઈ શકે એ હેતુસર લખી આપ્યાં હતાં. પછીથી એ લખાણો **The Mother** શીર્ષક હેઠળ સુધારાવધારા સહિત પુસ્તકાકારે પ્રસિદ્ધ કરવામાં આવ્યાં હતાં. ઈશ્વરવિરોધી શક્તિઓ સામે રક્ષણ પૂરું પાડતી આ નાની પુસ્તિકાનું અનેક સાધકો નિયમિત વાચન કરે છે. શ્રી મકરન્દભાઈનો આ પ્રયત્ન પ્રશસ્ય છે, એમની દીર્ઘ સમાની સાધના એમનાં આ વિવરણોમાં પ્રકટ થઈ છે.

**સાભારસ્વીકાર (૧) 'મન મસ્ત હુઆ' : લે. હરેક ધોળકિયા :** વિવેકગ્રામ પ્રકાશન, વિવેકાનંદ રૂરલ ડેવલોપમેન્ટ ઇન્સ્ટિટયુટ, નાગલપુર રોડ, માંડવી (કચ્છ) ૩૭૦ ૪૬૫. ૧/૮ ડેમી, પૃષ્ઠ સંખ્યા ૭૨. સારા કાગળ ઉપર સુંદર છાપકામ, રંગબેરંગી આવરણ. મૂલ્ય રૂા. ૮૦=૦૦. વ્યક્તિત્વ વિકાસ અને આંતરિક સજ્જતા વિશેનાં લખાણો સમાવતાં આ પુસ્તકના લેખો પ્રબુદ્ધ ચિંતક, કેળવણીકાર અને વિચારક શ્રી હરેશ ધોળકિયાની અનુભવી કલમે લખાયેલા છે. લેખક વ્યક્તિની પૂર્ણ સ્વસ્થતા, self - awareness પર વધુ ભાર મૂકે છે અને એના દ્વારા, વ્યક્તિની અને ઘટનાની સફળતાનો આધાર તૈયાર થતો હોય છે તેમ તેઓ જણાવે છે. પુસ્તક પ્રાપ્તિ માટે પ્રકાશકનો સંપર્ક કરો. મો. ૯૮૨૫૨ ૪૩૩૫૫.

**(૨) આંગણું અને પરસાળ (લઘુ નિબંધો) :** રમણ સોની. પ્રત્યક્ષ પ્રકાશન, શારદા સોની. ૧૮ હેમદીપ સોસાયટી, દીવાળીપુરા, જૂના પાદરા રોડ, વડોદરા-૩૯૦ ૦૦૭. મો. ૯૨૨૮૨૧૫૨૭૫ લેખકના સદ્ગત મિત્રો **જયન્ત મેઘાણી** અને **હારૂન ખીમાણી**ની સ્મૃતિમાં પ્રસિદ્ધ થયેલ આ પુસ્તકમાં આકાશવાણીના 'અમૃતધારા' કાર્યક્રમમાં રજૂ થયેલા વાર્તાલાપો, જે પછીથી 'અખંડઆનંદ' અને 'પ્રબુદ્ધ જીવન' જેવાં સામયિકોમાં પ્રસિદ્ધ થયા હતા અને વાચકોના ઉમળકાસભર પ્રતિભાવો જેને પ્રાપ્ત થયા હતા તે જિજ્ઞાસુ વાચકવર્ગને લક્ષ્યમાં રાખીને પ્રસ્તુત પુસ્તકમાં સમાવવામાં આવ્યાં છે. રમણ સોની ગુજરાતી સાહિત્યવર્તુળમાં આદરપૂર્વક ઉચ્ચારાતું નામ છે એ આપણે સહુ જાણીએ છીએ.

૧/૮ ડેમી સાઈઝ, સારી ગુણવત્તાવાળા મેપલીથો કાગળ ઉપર સુંદર છાપકામ અને શ્રી હરિકૃષ્ણ પાઠકના રેખાંકન-ચિત્ર સાથેના આવરણ સહિતના સુંદર પુસ્તકનું મૂલ્ય છે. રૂા. ૯૫/-. પુસ્તક પ્રાપ્તિ માટે સંપર્ક : મો. ૯૮૯૮૭૬૨૨૬૩ (હંસાબહેન) તથા મો. ૯૮૭૯૬૩૦૩૮૭ (ધર્મેન્દ્રભાઈ).

જગતમાં પ્રભુએ પોતાના પ્રેમનો આવિર્ભાવ એક પરમ બલિદાન રૂપે, પરમ આત્મસમર્પણ રૂપે કર્યો છે. એ સમર્પણ એટલે કે પ્રભુની પૂર્ણ ચેતનાએ જડ તત્ત્વની સાવ અચેતન અવસ્થામાં પહોંચી જવાનો, તેમાં નિમગ્ન થઈ જવાનો કરેલો સ્વીકાર. જડતત્ત્વના એ અચેતન પેટાળમાં ચેતનાનો ઉદય થાય, તેનામાં ધીમે ધીમે દિવ્ય સામર્થ્ય પ્રકટ થાય અને આ અખિલ સૃષ્ટિ ભાગવત ચેતનાના તેના દિવ્ય પ્રેમના ઉચ્ચમાં ઉચ્ચ આવિર્ભાવનું કરણ બની રહે : પ્રભુના સમર્પણ, આત્મવિસર્જન પાછળ આ હેતુ હતો. ખરેખર, એ પ્રેમ ઘણો જ મહાન કહેવાય, એ પ્રેમથી પ્રેરાઈને જ ભાગવત ચેતના પોતાની પરમ દિવ્ય પૂર્ણ અવસ્થાનો, પોતાની પરમ ચેતનાનો અને અનંત જ્ઞાનનો લય થવા દઈને આ જગતમાંના અજ્ઞાન અને તમસ વચ્ચે નિવાસ કરવા આવી છે. અને છતાં પ્રભુના આ કર્મને કોઈ કદાચ પ્રેમનું નામ ન પણ આપે, કારણ કે એ પ્રેમ કોઈ છીછરી ઊર્મિ રૂપે કયાંય પ્રગટ થતો નથી, કશો બદલો માગતો નથી, આત્મબલિદાનનું કશું પ્રદર્શન કરતો નથી.

જગતમાં વસી રહેલી એ દિવ્ય પ્રેમશક્તિ પોતાના દિવ્ય તત્ત્વને પૂર્ણ વિશુદ્ધ રૂપે ધારણ કરી શકે, તેનો આવિર્ભાવ કરી શકે એવી આધારરૂપ ચેતનાઓ હંમેશાં શોધતી રહે છે. પ્રાણીમાત્રમાં પ્રેમ માટે જે તીવ્ર ઝંખના હોય છે, જગતના હૃદયમાં તેમ જ સર્વ હૃદયોમાં પ્રેમનો આ જે અદમ્ય આવેગ અને ખોજ રહ્યાં છે તે બધું માનવહૃદયની ઝંખનાની પાછળ છુપાઈ રહેલા દિવ્ય પ્રેમની પ્રેરણાને લીધે છે. એ પ્રેમશક્તિ લાખો હૃદયોને સ્પર્શે છે. પોતાનાં આવિર્ભાવ માટે યોગ્ય કરણોને એ હંમેશાં શોધતી રહી છે, અને હંમેશાં નિષ્ફળ નીવડતી રહી છે. પરંતુ એનો આ સતત સ્પર્શ માનવચેતનાને વધુને વધુ તૈયાર કરતો જાય છે. અને એક દિવસ એમાં ઓચિંતી જ આત્મસમર્પણ શક્તિ જાગી ઊઠશે, પ્રેમસામર્થ્ય પ્રગટ થશે.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૩ : ૭૭-૭૮)

RNI NO GUJGUJ/2015/60353

(વર્ષ ૦૭ : અંક ૦૯)

વાર્ષિક લવાજમ ₹ ૧૮૦ - છૂટક અંક : ₹ ૧૫

શ્રી અરવિન્દ સોસાયટી, પોંડિચેરીની માસિક પત્રિકા
છૂટક અંકની કિંમત ₹ ૧૫-૦૦
વાર્ષિક લવાજમ ભારતમાં ₹ ૧૮૦
વિદેશ માટે-હવાઈ માર્ગે
અમેરિકન ડોલર ૨૫ વાર્ષિક

© શ્રી અરવિન્દ આશ્રમ ટ્રસ્ટ, પોંડિચેરી-૬૦૫ ૦૦૨

પ્રકાશક :

શ્રી શરદચંદ્ર એમ. જોશી, અધ્યક્ષ,
શ્રી અરવિન્દ સોસાયટી, શ્રી અરવિન્દ નિવાસ,
દાંડિયા બજાર, વડોદરા-૩૯૦ ૦૦૧
ફોન નં. (૦૨૬૫) ૨૪૧૨૬૮૫
E-mail : sasvadodara@aurosociety.org
વેબસાઈટ : www.auronivas.org

*

મુદ્રણસ્થાન : કૈલાસ પ્રિન્ટરી, ડી-૧૨, સરદાર એસ્ટેટ,
આજવા રોડ, વડોદરા. ફોન નં. ૨૫૧૩૪૭૩ મો.૯૮૭૯૦૦૬૦૯૦
E-mail : vishal6090@gmail.com

*

તંત્રી : શ્રી કિરીટકુમાર ઇન્દ્રવદન ઠક્કર

Published and Printed by Shri Sharadchandra M. Joshi,
on behalf of Sri Aurobindo Society, Vadodara
Published at Sri Aurobindo Nivas, Dandia Bazar, Vadodara-390001.
Printed at Kailas Printery D/12, Sardar Estate, Ajwa Road, Vadodara.
Editor : Shri Kiritkumar Indravadan Thakkar.